THE DINKARD.

THE ORIGINAL PAHLAVI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJRATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS

BY

PESHOTAN DASTUR BEHRAMJEE SANJANA.

VOL. V.

PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSHEDJI JEEJEEBHAI TRANSLATION FUND.

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS

BY RUSTOMJEE NOWROZJEE KHAMBATTA,

87 COWASJEE PATELL STREET, FORT.

IN THE YEAR 1257 OF YEJDAJARD, AND 1888 OF CHRIST.

દીનકર્દ કેતાબ,

તેહની

અસલ પેહલવી એબારત, જંદ અક્ષરે ઉચ્ચાર, ગુજરાતી
તથા ઈંગરેજી તરજુમો, શરેહ, અને અગતજોગ
પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર

પેશોતન દસતુર બેહરામજી સંજાણા.

દફતર પાંચમું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠલ
છપાવી પરગટ કરેલું છે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાંમાં,
રૂસ્તમજી નવરોજજી ખંભાતાએ છાપ્યું છે.
કોટ;—કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૮૭.

સને ૧૨૫૭ યજદજરદી.
ઇસવી સને ૧૮૮૮.

સાંકલીઉં.

(૧૮) નીચે જણાવેલા મરગરજાંન* ગુનાહની સજાંનાં છ તરેહનાં ૧
નીવારંણ વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, છ તરેહના મરગરજાંન ગુનાહની સજાનું નીવારણ ૨
આએ (ઇઆને નીચે જણાવેલી) રીતે થાઇ સકેછે. (તેમાં) એક (હોકમ ૩
કરનારા) હાંકમોનું ફરમાંન તોડે, તે ગુનાહનું નીવારણ દીનના દસ્તુરના
હોકમ મુજબ દોલતથી પુણનાં કાંમ કરવાએ તથા (અન્તકરણથી)
પસ્તાવો કરવાએછે. બીજું—નાફરમાંન લોકોની સાથની લડાઇમાં, જીવ ૪
ઉપર આવીને (હરીફનો) તે લડાઇમાં જીવ લેવાનું તથા તેને કતલ
કરવાનું કાંમ કરીઉં હોએ તો, તે ગુનાહથી તેનાં રવાંનનો (દોજખથી)
છુટકારો તથા તેહનાં બદનને (આએ દુનીઆંમાં) કેદની સજા ભોગવવાનો
સેવટનો ઉપાએ દીનના દસ્તુરની હજુરમાં પતેત કરવાથી જણાવેલોછે.
તરીજું—જેનીથી બુતપ્રસ્તીનો (મરગરજાંન) ગુનાહ થયો હોએ, તેણે ૫
પાદશાહનાં ફરમાંનથી, તે ગુનાહના પસ્તાવાને સારૂ, જયાં તેને દશ
વરસનું બંદીખાંનું ભોગવવા સારૂ ફરમાવે, ત્યાં તેણે રાજી થાઇને રેહેવું;
(કેમકે) તે દશ વરશનું બંદીખાંનું ભોગવવાથી તેના ગુનાહનો સેવટનો
ઉપાએ થાએલો (દીનમાં) જણાવેલોછે. ચોથું—જે કોઇ પોતાના માલે- ૬
કોનો હોકમ નહી માંનવાથી મરગરજાંન થયો હોએ, તેને તે માલેકની
તરફથી તે ગુનાહની માફી આપવાએ દોજખથી તેનો છુટકારો થાએછે.
પાંચમું—જે ઓરત પોતાના ખાવંદની તાબેદારી નહી કરવાથી મરગરજાંન ૭
થાઇ હોએ, તેણીનો (છુટકારો) ખાવંદની તરફથી તેણીને માફી બખશવાએ
જણાવેલોછે. છઠું—જે ગુનાહ આદમીને તેના ધનધાની અંદર થાયો ૮
હોએ, તે દરએક ગુનાહનું નીવારણ, દીનના દસ્તુરના હોકમને સરવેથી
સૂરસ મુકાદ્દા તરીકે ગણીને તે ગુનાહનો પસતાવો કરવાથી થાએછે.
અને રવાંનના ગુનાહને ફેરવવાને લગતો છેલ્લો ઉપાએ (માંણસને)

---

* મરગરજાંન ગુનાહને લગતા ખોલાસા તથા તેના અરથને લગતી સમજ વીશે જુઓ આએ દીનકર્દ કેતાબનાં બીજાં દફતરને ૯૭ મે સફે આપેલી નોટ.

ગુજરવા પછીની તરણુ રાતની અંદર સવાબ કરવાથી યા તે સવાબ કરવાને લગતી કબુલાત આપવાથી જણાવેલોછે.*

---

* રવાંનના ગુનાહને ફેરવવાને લગતો છેલ્લો ઉપાએ તેને ગુજરવા પછીની તરણુ રાતની અંદર સવાબ કરવાથી યા તેને લગતી કબુલાત આપવાથી જણાવેલુછે. તેની મતલબ એ છે કે, આપણી પાક દીનનાં ફરમાંનૂ પરમાંણે એક જરતોસ્તી ગુજરતી વખતે પતેત કીધા પછી પોતાની પછી તેની નઇઆતે કેટલાંએક સવાબનાં કાંમ કરવાની પોતાના એશીઓને વસીઅત કરી ગીઓ હોએ, તે મુજબ તે કાંમો મરનારની તરણુ રાતની હદમાં તે એશાવંદો કરે, યા તે પછી કરવાની પાદરોજની (યાને ઉઠમણાંની) કીરીઆની મજલસમાં દસ્તુર અને અનજુમનની હજુરમાં તેઓ કબુલાત આપે, તો તેથી તે ગુજરનારના બાકી રહેલા ગુનાહને ફેરવવાને લગતો છેલ્લો ઉપાએ થાએ. એ વીસે દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારાસ્પંદે બનાવેલી પતેત પશેમાનીથી આપણુને શાહદત મલેછે. એ પતેતની અંદર દસ્તુર આદરબાદ મજદીઅસની દીનનાં ફરમાંન મુજબ કેહેછે કે:—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

* [illegible]

"હું એ આએ પતેત (ઇઆને ગુનાહઓનો પસ્તાવો) સવાબની મોહટી ઉમેદને સારૂ, દોજખની ધણી ધાસતીને સારૂ, અને રવાંનનાં હેતુને લગતાં સારાં પુણને સારૂ કરીછે. અને તે એવા વીચારથી કરીછે કે, જેકાંઇ સવાબનાં કાંમ હું એ હમણાં સુધી કરેઆછે, અને હવે પછી આગલ હું કરૂં, તે સઘલાં સવાબનાં કાંમો કાએમ રેહ. તથા ગુનાહનું નીવારણુ થાએ. અને મારાં રવાંનનો (દોજખથી) છુટકારો થાએ. જો મારો કાંઇ ગુનાહ રેહી ગીઓ હોએ, એટલે જે તે ગુનાહથી મહને છુટકારો નહી મલીઓ હોએતો, તેને લગતી તરણુ રાતની સજાને સારૂ હું રાજી અને એકમતલા વીચારનો છેઉં. અને હું મારી ગુજરતી વખતે તથા મારા ગુજરવા પછી (મારે સારૂ) ભલાં સવાબનાં કાંમ તથા (મારા) ગુનાહ વીસેનો પસતાવો કરવાની ફરમાએશ કરૂં છેઉં. તેથી (જે મારા હમદીનો) મારા ગુજરવા પછી મારી નઇઆતે મારા ગુનાહની ગુજરેશ તથા પસ્તાવો કરવાનાં કાંમો કરે, તથા ગુજરવા પછીની તરણુ રાતમાં ગેતીખરીદીનું (ઇઆને આએ દુનીઆમાં સવાબ) નું કાંમ કરાવે, તે કરાવનારાઓની ઇચ્છા સાથે હું એકમતલા વીચારનો છેઉં."

હાદોખત નુસકની પેહલી પરગરદના પાક અવસ્તામાં લખેછે કે:—"એક અશો માંણસ આએ દુનીઆંથી ગુજરતી વખતે બુરા વીચાર, વચન અને કાંમોનો ધીકાર કરી, નેક વીચાર--નેક વચન અને સારા કાંમની વખાણુ કરતાં જે એક

(૧૫) હુજવબન તેહમાસ્પની અંદર સારા ગુણો તથા બદકારીને ટાલવા વાસ્તેની અતીશ્ય મોજેજા ભરેલી ગેબી સકતી તેની સપેહસાલારીથી જણાઈ હતી, તે પવીતર અતીશ્ય મોજેજા ભરેલી મીનોઈ સકતીથી તે બીજા નાફરમાંન અને દેવપરસ્ત લોકોને ઈરાંન શેહર મધેથી પાછા ફેરવીને ઈરાંન શેહરને પાછું સુધારવાને, તથા તેમાં એરચની ખુનીઆદના પાદશાહની હકુમત તથા ધારાને અમલમાં લાવવાને શકતીવાંન થયો હતો, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, ભલી દીનનાં લખાણું ઉપરથી જણાએલુંછે કે, આએ દુનીઆમાં હુજવબન તેહમાસ્પની જે મોજેજા ભરેલી ઘણીજ ગેબી સકતી, તે (સકતી) તેની સેપેહસાલારીથી તેની (હકુમતની) અંદરનો બદકારીનો દેખાવ તોડવા, ભાંજવા અને નાબુદ કરવામાં જણાઇ હતી. અને વલી તુરકસતાંનના પાદશાહને તથા છુટા બાળવાલાં અરબસ્તાંનનાં તથા કલીસીઆઇ તથા રૂમી રાજવનશી ટોલાના લોકોને (પાદશાહ) ગુશતાસ્પ (મજદીઅસની) દીનમાં લાવશે, તે વીશેની ભવીશવાણી તેણે (ઇઆને હજવબન તેહમાસ્પે) પોતાની પાક મીનોઇ સકતીથી (તે વખતના) નાફરમાન દેવપ્રસ્તોને અને તેઓના ઘણાએક બાહદુર સપેહસાલારોને જણાવી હતી. અને તે હુજવબન* પાદશાહે ઇરાંનના ૨

વખત નેકીની સ્તુતી કરેછે. (એટલે જે છેલ્લી પતેત કરીને એક અશેમ પઢી નેકીની તરફ પોતાની પસંદગી બતલાવેછે) તે એક અશેમની કીમત 'ઓનેરથ-બામી' નાં સરવેથી ઉત્તમ કેશવરના જેટલીછે.

(જુવો પ્રોફેસર વેસ્ટરગેઆર્ડે છપાવેલા અવસ્તાનાં પુસ્તકને ૨૯૫ મે સફે ફકરો ૧૪ મો તથા ૧૫ મો.)

* હુજવબન—પાદશાહ, ઇરાનના પાદશાહ નોજરની પછી ઇરાનનાં પાએ-તખત ઉપર આવેઓ હતો. આએ પાદશાહ વીશે [illegible] [illegible] મજમેઅઉત તવારીખમાં લખેછે કે તે પાદશાહ મનોચેહરનો નબીરો હતો. આએ 'હુજવબન' પાદશાહને શાએર ફીરદોસી અને બીજી તવારીખોમાં زو જો—ને નાંમે લખેલોછે. અને મજમેઅઉત તવારીખમાં زاب જાબ—નાં નાંમથી જણાવેલોછે. પાદશાહ નોજરનાં મરણ પછી નોજરના 'તુર' અને 'ગશતેહમ' નામના બે છોકરાઓ હયાત હોવા છતાં જેહાંપેહલવાન જાલ અને ઇરાનના બીજા બુજોરગોએ મશવરત કરીને તેહમાસ્પના બેટા જો—વીશે એકમત થાઇ તેને ઇરાનનો પાદશાહ કીધો હતો. આએ પાદશાહ જે વખતે ઇરાનનાં તખત ઉપર બેઠો તે વેળા તેની ઉમર ૮૦ વરસની હતી અને ૮૬ વરસની ઉમરે તે આએ દુનીઆંથી રેહલત પામેઓ હતો. આએ યજદાંપરસ્ત પાદશાહે પોતાની સઘલી ઉમર પાક ઓદાએતાલાની

રેહવાસીઓની અંદરથી ઘણીએક બદીનો સંબંધ આપનારા લોકોને હાંકી કાહડેઆ—તથા પાએમાલ કીધા—અને તોડેઆ તથા નાબુદ કીધા હતા. અને ઈરાંન દેશની હકુમત અને તેના ધારાઓને તેણે પાછા સુધારેઆ હતા. અને તે પછી જરતોશતના હજારાંના દોરમાં ઈરાંન શેહરના વતનીઓની અંદર અહુરમજદની દીનને લગતી હીમત અને ફતેહ નવેસરથી પેવસ થવા વીશેની તથા તેઓમાંથી બુતપરસ્તી—કંગાલીઅત—અને દેવપ્રસ્તીને દુર થવાની તથા પાણીઓ—આતશો—જમીનો અને બીજી ભલી પેદાએશોમાંથી દરએક જાતની નાશકારક રીમની તથા ખરાબી અને વેરાંણીને દુર થવાની, અને સેવટે (યાને રીસ્તાખેજને વખતે) દાદારની ઈછા અને હોકમ મુજબ ચસરૂમદીના† નો

બંદગી અને રીઆજતમાં ગુજારેલી હતી, જેથી તેની ઉપર કુદરતી ખોરેહની બખશેશ ઉતરેલી હતી; અને તેથી તે, યજદોની તરફથી આગાહી મલવાએ આવતા ભવીશના બનાવો વીશેની ખબર ધરાવતો હતો. આએ પાદશાહના અશો રવાંનની યાદ ફરવરદીન યશ્તના ૧૩૧ મા ફકરામાં તથા અફ્રીંનગાન ઇ અશોની આફ્રીનમાં કરેઆમાં આવેલીછે. શાહનામાં મધે શાએર ફીરદુસી તુસી આએ પાદશાહ રીઆજતનાં બળથી એજમતી સકતી ધરાવતો હતો તે વીશે નીચે જણાવેઆ મુજબ લખી ગીઓછે.

بشاهي بر او آفرين خواند زال — نشست از بر تخت زو پنج سال
كهن بود در سال هشيار مرد — بداد و بخوبي جهان تازه كرد
سپه را ز كار بدي باز داشت — كه با پاك يزدان يكي راز داشت
گرفتن نيارست و كشتن كسي — و زانپس نديدند كشته بسي

'જાલે તેની ઉપર પાદશાહ તરીકેની દુઆ કીધી, અને જો એ પાદશાહી તખ્ત ઉપર પાંચ વરસ ગુજારેઆં, તે જઈફ ઉમરનો હુશીઆર પુરૂશ હતો. અને તેણે ઈનસાફ અને નેકીથી દુનીઆંને તાજી કીધી હતી. લશકરને બુરાઈનાં કાંમથી અટકાવીઉં હતું, કારણ કે તે પાક યજદાંનથી ગેબની વાતને જાણનારો હતો. તેણે કોઈને પકડવા કે કતલ કરવા દીધા નહી અને તેઆરપછી લોકોએ ઘણી ખુનરેજી જોઈતી નહી.'

† [illegible]—ચિસ્રૂ-મદીને, એ 'કંગદેજ' નું નાંમ છે, કે જેમાં પાદશાહ ગુશ્તાસ્પના અમરગ બેટા પેશોતનનું રેહઠાંણ છે. [illegible] ચસ્રૂ-મદીનેનો અરથ 'છતરવાલું અથવા (યજદી) પ્રતાપવાલું શેહર' એવો થાએછે. પાછળથી આએ નાંમ ઉપલાં શેહરની આસપાસ આવેલી નદીને માટે પણ લોકો વાપરવા લાગા હતા, તેથી તે નદી પણ 'બુન્દેહશને' માં એજ નાંમથી જણાએલીછે. 'દાદસ્તાંને દીની' નામની પેહલવી કેતાબમાં એને લગતો એમલો '[illegible] ચિતેરૂ-માદીને,' તેમજ 'બુન્દેહશને' માં [illegible] ચિતરૂ-મદીનો' કરી મલેછે. કાબેલ ડાકટર વેસ્ટ છેલા બે પેહલવી એમલાઓને Chitrôk-māhanō (or miyānô), તથા Chitro-māônô, કરીને વાંચેઆછે, અને તેમની એ પેહલવી એમલાઓ પેહલવી અખશરોના એકમલતા આકારને લીધે વંચાઈ સકેછે.

અશો સરદાર જે ગુશતાસ્પનો બેટો, જેનું બીજું નામ પેશોતન છે, તે પોતે પોતાના ૧૫૦ શાગેરદો સાથે (ઉપલાં સુધારાનાં કામો કરવામાં) શકતીવાંન થશે તે વીશેની અગમચેતી આપી હતી.

(૧૭૭) (માણસે) આદમીઓની અંદર હલાકીને લગતી દરએક સકતી (ઈઆને માણસને હાંણી પોંહચાડનારો દરએક દુરગુણ) દેખાતાંવાર પોતાથી તથા દુનીઆનાં લોકોથી તેને દુર કરવા વીશે અને જાતે બીજા હમદીનો તરફ નેકી કરવા વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, આદમીના દરએક પેઆરનું જણાવું પોતાની તરફ તથા પોતાનાં ફરજંદની તરફછે. તેના સબબથી તે આદમી તથા (તેનાં) ફરજંદો (એક બીજાની તરફ) હલાકી વગર નેકી કરવાને લાએકનાંછે. આદમીએ પોતાની જાતની તરફ અને (પોતાના) ફરજંદો તરફ મોહબત રાખવી, અને તેને ઉધારવું અને પોતાની જાતનો વધારો કરવો એ ખાંનદાંનને લગતી મોહબતથીછે. સઘલાં આદમીઓ વચે સારી મોહબતનો સંબંધ, તેઓ કોઈ હલાકીને લાએક નહી થાએ અને નેકીને લાએક થાએ તેને સારૂછે. સઘલાં આદમીઓ જેમ આદમીની પોતાની જાત તથા તેનાં ફરજંદોછે તે માફકનાંછે. એટલા સારૂ દરએક આદમીએ હલાકીના એરાદાથી દુર રેહવાનો અને નેકીની તરફ આગલ વધવાનો ઘણોજ ઉલટ રાખવો. (કારણ કે) દરએક આદમી દુનીઆંનાં આદમીઓની (નેકી અને બદીમાં) ભાગ લેનારૂંછે. તેથી માણસે પોતે સહમજ રાખીને બીજાને હલાકી આપનાર તથા (બીજાને સારૂ) હલાકીને પસંદ કરનાર થવું નહી. જેનામાં આતમાને લગતી નેકીનું કાએમ રેહવુંછે, તે બીજાને સારૂ (નેકી કરવાને) લાએકનો તથા (બીજાને સારૂ નેકીને) પસંદ કરનારોછે, અને તેથી આદમીની અંદરથી એક બીજાને લગતી હલાકીને દુર કરવાને અને એક બીજાની અંદર નેકીનો સંબંધ આણવાને તે શકતીવાંન થાએછે. અને એવી રીતથી તે ઇનસાંન ૨

દુનીઆંને ઘાતકરનારી અને દરૂજને મદદકરનારી આદમીઓની સકતીનો નાસ કરનારૂ થાએછે. દરૂજો યજદોથી ઇજા પાંમેલા થાએછે; અને દુનીઆંને મદદ કરનારા યજદો પોતે જે વગર તેજવાલો દરૂજ અને તેને લગતી હલાકીછે, તેને દુનીઆના લોકોમાંથી સારી તરેહથી હાંકી કાહડેછે; અને તે યજદોથી દુનીઆંમાં નેકીનો વધારો થાએછે.
૩ (દુનીઆંમાં) આંએ (નીચે જણાવેલી) બે પ્રકારની બદીછે. તેમાં એક આએ દુનીઆંનાં આદમીને દરૂજની કઉઅંત મલવાથીછે, અને બીજી ગેબી દરૂજની જાતી શકતીથીછે.* (તે બેહુને) દુનીઆંમાંથી (આદમીઓએ) દુર કરવી સજાવારછે.
૪ (દુનીઆંમાં) નેકી પણ બે તરેહથીછે. જેમાં એક દુનીઆંનાં આદમીઓની તરફથી, અને બીજી ગેબી યજદોની તરફથી દુનીઆનાં લોકોને પોહચેછે.*
૫ ભલી દીનની અંદર એમ જણાવેલુંછે કે, દુનીઆં બદી વગર પુરતી નેકી સાથની સોસીઓશ†ની મારફતે છેલાં ૫૭ વરસમાં થાશે, અને રીસ્તાખેજની આગળ સઘળાં આદમીઓ મજદીઅસની દીન ઉપરની એસ્તવારીને લીધે સારા ખવાસનાં કાંમોથી સુધરેલાં થાશે, અને ગાથાનાં ફરમાંન મુજબની ચાલચલણવાળાં બનશે.

૧ (IVA) **આદમી જીનદગીથી ઉમેદવાલું અને મોતથી ધાસ્તીવાલુંછે, અને (તેમાંની) એક (વસ્તુ)થી બીજી વસ્તુનું પાછું ફરવુંછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાંણવું કે, આદમી (પોતાની) જીનદગીની અંદર તેને જનમ આપનાર દાદારની ઇચ્છાવાલુ (અશો અહુરમજદના) પ્રતાપને લીધેછે.

* બદી અને નેકી એ બેહુ માંણસી-દેવી અને યજદી સકતીથીછે. અને તેની સહમજ એ છે કે, દેવો પોતે દુનીઆંમાં બદીની ઉતપનતી કરનારાછે, તેઓની તરફથી તથા જે માંણસોમાં તે દેવોને લગતા બુરા ખવાસો હોએછે તેઓથી, દુનીઆંમાં બદીનાં કાંમો થાએછે. એમાં દેવો ખુદ બદીને દુનીઆંમાં જણમ આપનારાછે, અને તેઓને લગતાં દેવપરસ્ત માંણસો આએ દુનીઆંમાં દેવોનાં કામો કરનારા વસીલા તરીકેછે. એજ પરમાંણે યજદો આએ દુનીઆમાં નેકીને ઉતપન કરનારાછે, અને તેઓના વસીલા તરીકે આએ દુનીઆંમાં બદીનો નાસ કરીને નેકીનો વધારો કરનારા યજદી ગુણ અને સકતીવાલા યજદાંપરસ્ત લોકોછે.

† જુઓ એ વીસે આપેલી નોટ દીનકર્દનાં દફતર પેહલાંને સફે ૨૯ મે.

અને એબ આપનાર (એહરેમન) નું અનીતીવાલું તેજ તેને પોહચવાથી, પાક ખોદાએતાલાની યાદ નહી કરવાએ (આએ દુનીઆંની) જીનદગીથી તેને બેહદ વખત સુધીનું મોહત મેલવવું છે.* આદમી જાંહાંસુધી (તેની અંદર) યજદોનો સંબંધ હોએછે, ત્યાંસુધી (પાક ખોદાએતાલાની ખરા અન્તઃકરણથી યાદ કરવાએ, ફરજંદને જનમ આપવાની શકતી તથા બીજાં કામો કરવા વીશેની અહડતી કળા અને ઉનચે દરજેની અકલ યજદીખોરેહની અસરથી મેળવેછે. અને ધ્રાતકી (એહેરેમન) નાં ઉલટાં તેજથી, ચીનવત પુલ (તરફ જવા) ને વખતે, તેની જીનદગાંનીને લગતી ઉમેદ મોતની ધાસ્તી વાલી થાએછે (એટલે જે, તે વખતે તેને સારો બદલો મલવાની ઉમેદ રેહતી નથી, પણ દોજખમાં દુખ સાથની જીનદગી ગુજારવાની ધાસ્તી આવી પડેછે). પાક ખોદાએતાલાની યાદને લગતા સબબવાલી જીનદગીથી, (માણસને આવતી દુનીઆંમાં) દુખ પામવાની યાદ આવતી નથી. જો તે યજદી કઉઅતવાળાં આદમીને બલાઈને માટેનાં કાંમને સારૂ (આએ દુનીઆંમાં) જાંખ પોંહચે, તોપણ તેને મદદ કરનારાં યજદીનુરની સરદારીથી અને યજદાંને લગતી ઉમેદવાળી (તેની) જીનદગીથી, મોતને લગતી દોજખની ધાસ્તી તેથી દુર થાએછે; અને તેની અંદર એબ આપનાર (એરેમન) નું અનીતીવાળું તેજ નહી હોવાથી તે દુઃખ વગરની જીનદગીવાલું છે. જેઆરે આદમી યજદાંની યાદ કરી શકતું નથી, ત્યારે ખોદાઈ ખોરેહના આપનો ઘણો ઘટારો થવાથી, જે ખોદાઈ અકલ (તેનામાં છે, તેનું) નીચ હાલતની અંદર ફરવુંછે. અને તેથી (તે આદમી), ઉલટા એરાદાવાલું હોવાને લીધે, જીંદગીને વાસ્તેની ઉમેદ આપનારી તથા દોજખની સજાની ધાસ્તી બતલાવનારી, ખોદાઈ દીન વગર, બેહુ ચીજ વગરનું છે (એટલેજે, તે આવતી જીનદગીને લગતી સારી ઉમેદની કે દોજખની ધાસ્તીની શહમજ વગરનું છે). એબ આપનારા (એહરેમન) નાં અનીતી વાલાં તેજના ઉલટા એરાદાને લીધે, આદમીને આવતી (મીનોઈ) જીનદગીની યાદ રાખેઆ વગર, મોતને લગતી (જીનદગીની) સહમજની તરફ

---

* એટલે જે, જે જીનદગીથી આએ દુનીઆમાં પાક ખોદાએતાલાની મરજી મુજબ ચાલીને આવતી દુનીઆંનું સુખ મેળવવાની આદમીની ફરજ છે, તેને બદલે જો તે આદમી આએ દુનીઆમાં અંઘ્રમઈનીઉશનું તાબેદાર થાઈ તેને લગતાં કામો કરે તો તે ઇનસાંન આવતી દુનીઆનું સુખ ખોહેછે, અને દોજખનું બંદીખાંનું ભોગવવાને લાએક થાએછે.

આગલ વધવુંછે (એટલે જે, શેતાની ઉલટી વલાંણુથી તે આદમી બેહશતને લગતું કાંમ કરવાથી દુર રેહછે. અને દોજખનાં કાંમ કરવામાં આગલ વધેછે). વલી જેઆરે માણસો ફરજંદને જનમ આપવાની, તેમજ તેને ઉધારવાની (યજદી) હુઉઅતથી અટકેછે, અને તેથી નાઉમેદ થાએછે, (એટલે જે તેઓની કામામાંથી સકતી જતી રેહેછે), તેઆરે તેઓનો આતમા અજલના સબબને લીધે (બદનથી) છુટો પડેછે. અને તેઓ (આવતી) જીનદગીની ઉમેદ તથા (દોજખને લગતી) સજા એ બેહુને સારૂ ઘણી નબલી હાલતમાં આવેછે; અને જીનદગીમાં (ખોદાતાલાની) યાદ નહી કરવાથી, મોતની હાલતમાં (યાને દોજખની સજા ભોગવતી વખતે) તેની ઘણી યાદ કરનારા થાએછે. કેમકે દોજખી આદમીઓ વીસે (દીનમાં) જાહેર કરેલુંછે કે, તેઓને (દોજખમાં) ઘણી સખત સજા લાગવાથી, તેઓની આએ દુનીઆંની લાએક જીનદગી ત્યાં તેઓને એટલી તો નાલાએક થાએલી દેખાએછે કે, તેઓ પોતાની ઇછાથી જણાવેછે કે, પાપીની દીનમાં હમોએ જનમ નહી ગુજારેઓ હોતતો કેવું સારૂ! વલી જે સજાને લીધે તેઓ એમ પણ કેહછે કે, તેઓ માવતરથી જનમેઆજ નહી હતેતો સારૂ.

૧ (૪૧) સરવેથી સરસ પાદશાહો વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, જમશેદ અને ગુશતાસ્પના મરતબાવાલા પાદશાહઓ (આએ દુનીઆમાં) ઘણાજ વહડતે દરજજેનાછે. જમશેદના મરતબાવાલો તે પાદશાહછે કે જે પાદશાહ જમશેદની માફક આદમીઓની અંદર ખોરશેદની માફક ઘણોજ દેખાવરો, તથા નેક જાતવાલાં આદમીઓની અંદર જેઓ ખોદાના તાબેદાર (યાને મજદયસન) હોએ, તે સઘલાઓ ઉપર ઘણીજ સારી નજેર રાખનાર (ઇઆને તેઓનું ભલું ચાહનાર) હોએ.*

---

* પાદશાહ જમશેદ વીસે ઉપલી સીફત યજશનેના નવમાં હાના ૪ થા અને ૫ માં ફકરાના પાક અવસ્તામાં, તથા ફરવરદીન યશતના ૧૩૦ માં ફકરામાં આવેલીછે.

ગુશ્તાસ્પના જેવો મરતબો ધરાવનાર (પાદશાહ) આએ પરમાણેનોછે 3
કે, જે (પાદશાહ) મઝદીઅસની દીનને કે ગુશ્તાસ્પની માફક ઘણોજ ચાહનાર, તેને ઘણુંજ માન આપનાર, તે ઉપર ઘણોજ ચુસ્ત અને તેનો દુનીઆંમાં ઘણોજ ફેલાવો કરનાર તરીકે જણાએલો હોએ.*

(૧૮) દાદારની પેદાએશની અંદર આદમીઓએ આએ દુનીઆંમાં પોતાની જાતને સુધારવી અને રવાનને (દોજખથી) છુટકારો આપવો ઘટારતછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાશો. 1

જાંણવું કે, દાદારની પેદાએશની અંદર આદમીઓએ પોતાની જાતને 2
સુધારવી તથા રવાંનને દોજખથી છુટકારો આપવો, એ નીચે જણાવેલી છ ચીજથીછે. (તેમાં) રવાંનને છુટકારો આપવા સારૂ તરણ મુખ્ય ચીજછે. તથા બદનને સુધારવા સારૂ તરણ મુખ્ય વસ્તુછે.

(એમાં) રવાંનને છુટકારો આપવાને માટેની એક વસ્તુ, દરએક 3
માણસનુ પોતાનું અન્તકરણછે. જે (અન્તકરણ) આદમીને વગર ગુનાહે, છુટાપણાની વગર હાજતે, અને સજાની વગર કેદે રાખનારૂં તથા
રવાંનને દોજખથી ઘણો છુટકારો આપનારૂં મુલછે. બીજી વસ્તુ, આએ 4
દુનીઆંને લગતો ધરમગુરૂછે. જે આદમીઓને મઝદીયસની દીનને લગતી કેળવણી તથા તેઓના રવાંનને સવાબથી છુટકારો મલવાની અને ગુનાહની સજા થવાની સહમજ આપવાએ, જે ભલું માણસ હોએછે તેને (દોજખથી) છુટકારો આપનાર અને ઉનચે દરજજે પોહુચા-
ડનારછે. તરીજી વસ્તુ, રશનેરાસ્ત અને બીજા મીનો સરદારો (યાને યજદ 5
અમેશાસ્પંદો) છે, જેઓ, જે ગુનાહ આદમીથી આએ દુનીઆંમાં થાએલો હોએ, તે ગુનાહનું નીવારંણ કરવા સારૂ, તે આદમીએ આએ દુનીઆંમાં તે ગુનાહને લગતો પસતાવો કરેઓ હોએ, અને પોતાની જાતથી તે ગુનાહનું નીવારંણ કરીઉં હોએ, તો તે કાંમ કરનારને, ગુજરવા પછીની તરીજી રાતના

---

* પાદશાહ ગુસ્તાસ્પને લગતી ઉપલી સીફત ફરવરદીન યશતના પાક અવસ્તા મધે ૯૯ માં ફકરામાં આવેલછે.

હેસાબ શુમારની મારફતે, ગુનાહની સજાથી પાક કરનાર અને ચીનવદ-
પુલની મારફતે બેહશતનાં મકાંનમાં મોકલનારછે.*

૬-૭ બદનના સુધારાને માટે જે તરણ મુખ્ય વસ્તુછે તે આ એ છે; (જેમાં)
એક સારી ચાલચલંણવાલો દુઃખ (નાં વખત) નો મદદગાર (દોસ્ત) છે, કે
જે પોતાના જાતી સારા અવાસના દેખાવનો સંબંધ આદમીની અંદર
૮ આપનારછે. બીજી (વસ્તુ), મેહરનો તરીકોછે,† કે જે (તરીકો), આદમીને
જીનદગી બખશવા પછી તેને યજદાં (ના સંબંધ સાથ) ની જીનદગીવાલું અને
૯ કાયા સાથનું રાખનારછે. તરીજી (વસ્તુ), ખલકનું રખશન કરનારો પાદશાહછે,
કે જે આદમીને બદનવાલી જીનદગીમાં દરએક નુકસાંનવાળા સબબથી
સાચવનાર, તેનું પાલંણ કરનાર અને તેને છુટાપણું આપનારછે.

---

૧ (૧૮૧) નહી હકદારને બખશેશ કરવાથી, હકદારની તરફ ઊલટું કરવુંછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, જે હકદાર નથી તેને બખશેશ કરવાથી, હકદારના
હકમાં ગેરવાજબી થવાનો સબબ એ છે કે, જે (આદમી) બખશેશ
કરવાને લાએકનું હોય, તે લાએક માણસને વગર માંગવે ધરમી માણસે
ખુશીથી આપવું જોઇએ; કારંણ કે (તે લાએક આદમીને) નહી આપેતો
૩ તેથી તે (ધરમી માણસ) ગુનેહગાર થાએછે. અને જે આદમી બખશેશને
લાએકનું નહી હોએ, અને તેણે માંગણી પંણ કીધી નહી હોએ અને
જો તેને નહી આપેતો, તે બખશેશ કરનાર કોઇબી પ્રકારે ગુનેહગાર થતો
૪ નથી. પણ (લાએક આદમીએ) માંગવા છતાં, જો કોઇ દોલતમંદ તેહને
બખશેશ નહી કરેતો, ગાથાની અંદર તેને દરજની (યાને અંગ્રમઇનીઉશની)

---

* દાદસ્તાને દીની નાંમની પેહલવી કેતાબનાં ૧૨ માં પ્રકરણમાં જણાવેલું છે કે, મેહર-સરોશ અને રશને, દરએક રવાંનની ચેહારૂમની બાંમદાદને વખતે માણસે આએ દુનીઆંમાં જે સવાબ અને ગુનાહ કરેલો હોએચ તેનો તોલ કરીને, તેના સવાબની અંદરથી ગુનાહને બાદ કરીને, જેટલું તેના સવાબનું પરમાંણ રહેલું હોએ, તેટલે દરજેનાં શુખવાલાં બેહસ્તનાં મકાંનમાં તે રવાંનને મોકલેછે.

† મેહરનો તરીકો—તે આએ દુનીઆંમાં (આદમીને) પરમાંણીકપણાંથી, સચાઇની મારફતે ચાલવાની રીતભાતને સહમજવી.

પેદાએશની બરાબરનો કહેલોછે. એટલેજે તે દરૂજની (યાને અંગ્રમઇ-
નીઉશની) પેદાએશને લગતું કામ કરનારોછે. એટલા સારૂ તેને એહરેમનની
જાતવાળો જાહેર રીતે લોકો કેહ તો તે વાજબીછે.

(૧૮૪) દુનીઆનાં આદમીઓને વધારે ફાએદો કરનારી ૧
વસ્તુ કેહીછે? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, દુનીઆનાં લોકોને ઘણો ફાએદો કરનારી આએ નીચે ૨
જણાવેલી ૭ તૂરેહની વસ્તુછે. એક દુનીઆમાં બળખની અનજુમનના ૩
વડા (દશતુર) ની હજુરમાં ફાએદાસરની સજાને સારૂ ગુનાહોને લગતો વીચાર
જાહેર કરવો. બીજું—આદમીઓએ આગલા દીનના પેશવાઓએ કરેલાં ૪
(કામો) ની ઉપર હમેશાં સારૂં ધેઆન આપતા રેહવું. તરીજું—વધારે ૫
ભલી શકતીવાલા અથોરનાનોએ ધરમને લગતી કેળવણી આપવાનાં
ખાતાંઓ ઉભાં કરવાની ઘણી કુશેશ કરવી. ચોથું—શાગેરદોએ પોતાના ૬
સારા ઉસ્તાદના ખવાસોને પોતાના કરવા. અને તેના સંબંધથી મજદી-
અસની દીનના વીચારની મારફતે સજાથી પોતાને સલામતી ભરેલી હાલ-
તમાં ફેરવવા. પાંચમું—અહુરમજદની દીનના તાબેદારોએ ભલી દીનની ૭
મારફતે પોતાને ચલાવવા સારૂ, મજદીઅસની દીનના દરજજાવાળા લાએક
દશતુરની તાબેદારીની અંદર પોતાને ઘટતી રીતે રાખવા. છઠું—દુનીઆના ૮
પાદશાહની રઇઅતે, રયતને સારી રીતે ચલાવવા સારૂ, કેશવરના ઇનસાફી
અને આગેવાન ખલકના પાદશાહની સાથે એકમળતા વીચારથી રેહવું.

(૧૮૫) (લોકોને) નહી હાણી પોંચવા સારૂ, માણસોએ વસ્તી ૧
માંથી દેખાઈતી નજીસીના ભાગને ઇઆ સઘળી નેજાસતને
જેમ બને તેમ દુર લેઈ જવા વીસે ભલી દીનને
લગતો ખોલાસો.

જાણવું કે--મજદીઅસની દીન, એ (માણસ જાતને) પુરતીરીતે ૨
તનદરૂસ્તી આપનારા એક ઓત્તમ એલાજ તરીકેછે. કેમકે, તેમાં જણા-

વેલુંછે કે, આદમીઓએ દરએક નસા, એહર અને રીમનીને લગતી વસ્તુને આબાદીવાલી જગોએથી દુર લેઇ જવી. અને જેમ બને તેમ તેથી દુર રેહવું. તથા વેસ્તીની અંદરથી બે તરતીઆંઉસ ગલીચીનો નાશ કરવો. તેમજ તેને (ઇઆને નસા-એહર અને રીમન ચીજોને) આતશની અંદર ખાલવાથી દુર રાખવી. તથા પાણી તે ઉપર નાખવાથી પરહેજ કરવી. અને એ બેહુ ચીજો (યાને આતશ તથા પાણી) ની અંદરથી, રીમની
૩ (ઇઆને નેજાસત) ને દુર કરવી. હમેશાં આતશોની રોશનીના પડવાએ, (ઇઆને શુરીય-અંદરનો તાપ અને આતશની ગરમી પડવાથી) બે તરતીઆંઉશ ખરાબી કરનારી વસ્તુ (ઇઆને રોગને ઉતપન કરનારી જેહરી હવા) દુનીઆના લોકોમાંથી દુર થાએછે. વલી દેખાઇતુંછે કે, આદમીની અંદર નેજીસાત અને ખરાબી કરનારી વસ્તુ (ઇઆને જેહરી હવા) નું પોહચવું, એબ આપનાર (એહરેમન) ની તરફથીછે. અને તેની આએપત, રીમની તથા ગંદગીછે. અને તે (ચીજ) આદમીને બીમાર કરનારૂં જેહરછે. આએ પ્રથવી ઉપર બદનનો દેખાવ પવન અને આતશને લીધે છે. (એટલે જે જાનદાર ઇનસાનની કાયાનું હયાત રેહવું, એ હવા અને આતશથીછે.) અને તેઓ આદમીનાં બદનના મુખ્ય માદાની અંદર તેની પરવરશી કરનારી વસ્તુઓ તરીકેછે. તેથી જેમ બને તેમ એવી ચીજોને
૪ નીજીશીથી દુર રાખવાનું દીનનું ફરમાનછે. આએ વસ્તુઓમાં (ઇઆને આતશ-પાણી-અને હવામાં) રીમન અને નેજીસ ચીજોને લેઇ જવાથી તેમાંથી (માણસ અથવા એવાનોને સારૂ) બીમારીનું ઉતપન થવું છે. (એટલા સારૂ નેજીસ ચીજોથી) તેને દુર રાખવાએ તથા રીમંની અને ગંદગી ભરેલી વસ્તુઓને તેથી દુર લેઇ જવાએ, આદમીઓ તથા ગાવ-ગોસ્પંદો તનદરૂસ્તી અને સલામતીથી પોતાને (આએ દુનીઆમાં) રાખી શકેછે. માણસે નેજાસત અને રોગને ઉતપન કરનારી વસ્તુથી પોતાની જાતને પાએદાર રાખવી, એ પાક પાંણીના ઉપાએ કરીછે. આગલા વખતનાં આદમીઓ, મજદયસની દીન ઉપર ઓસ્તવાર રેહવા સારૂ, ભલી દીનના દશતુરનાં મજદીયસની દીનને લગતાં ફરમાનને તથા ભલી દીનવાલા માદશાહના હોકમને માન આપતા હતા. અને તે યજદાંપરસ્ત પાદશાહની હકુમતને ભલી દીનનાં આદમીઓ પોતાની હકુમત તરીકે ગણતાં હતાં. અને તે (પાદશાહોનાં) ફરમાન મુજબ આદમીઓ (આએ દુનીઆમાં) કામ કરતાં જણાંઆં હતાં. અને તેથી દુનીઆનાં લોકો ઉપર મજદીઅસની

દીનના કાબેલ દશતુરની તરફથી (તેઓને) પવીતરાઇ, સુંદર દેખાવ અને કીરતી સાથે રેહવાના આશીરવાદ દેવામાં આવતા હતા. આદમીઓ દુનીઆની અંદર ફતેમંદ, મોહટાઇવાલાં, અને અહેડતે દરજજેની બંદગીવાલાં, પોતાની જાતને લગતી આવતી દુનીઆનાં સુખની કઉઅતને વાસતેનાં ઘણુંએક પુરહેજગારીને લગતાં કામથીછે. (પણ જયારે) તેઓ (યાને આદમીઓ), તે (મજદીયસની દીનના) કાબેલ દશતુરનાં ફરમાન મુજબ ચાલવાનું છોડી દીએછે, અને જે, આદમીની જાતને વગર પરહેજગારીથી ચાલવાની કેલવણી આપનાર, ઠગારો અને બુરા તરીકા ઉપર ચલાવનારો ધરમગુરુ છે, તેની સાથે સંબંધ રાખીને (તેઓ) પોતાની જીંદગી ગુજારેછે; તેઆરે આદમીઓને પોતાની જાત તથા આતમાની સહમજને લગતા સબબ (ઇઆને કામ) થી પાછુ ફરવુંછે. અને તેથી દુનીઆમાં પુશકલ આજારોનું પેદા થાવુંછે. મજદીઅસની દીનમાં આએ રીતે ૫
જણાવેલુંછે કે, સઘલાં આદમીઓએ, દુનીઆના લોકોની સલામતી તથા તનદરૂસ્તીને માટેના ઉપાએ, એક કાબેલ દશતુરના હોકમને માંન આપીને કરવા. અને તેઓએ તે અહેડતે દરજજેનો મારગ બતલાવનારા કાબેલ દશતુરનાં એકમતથી (સઘલાં) કાંમ કરવાં. અને તે કાબેલ દશતુરે, એક બીજા શાથે દોસતીનો સંબંધ રાખવાથી તથા એક બીજા વચેની અરસપરસની દોસ્તી અને સખાવતથી, સઘલાં આદમીઓની અંદર વગર નેજાસતે, વગર રોગે અને વગર જઇફીયે રેહવાના ઉપાએ બતલાવવા, કે તેથી સઘલાં આદમીઓ બેઆજાર રેહ, અને દુનીઆંની ભલી પેદાએશ સઘલી નેકીવાલી બને.

(૧૩૯) **પ્રમાણીક વીચારવાલાં તથા અપ્રમાણીક વીચારવાલાં મુલ-તેઓની આએપત, તથા તેઓને લગતી સહમજ, અને તેઓની શકતી તથા તેમાંથી ધેઆનમાં આવતા વીચાર વીશે, અને પ્રમાણીક વીચારને લગતા ફાએદા તથા અપ્રમાણીક વીચારથી થતાં નુકશાનનાં સંબંધ વીશે, ભલી દીનને લગતો ખોલાશો.** ૧

જાણવું કે-પ્રમાંણીક વીચારનું મુલ, એ પ્રમાંણીક વીચારવાલો જે અહુરમજદ છે તેની બખશેશથી છે. અને તેહને લગતી સહમજ, આત- ૨

માને માટેના અસબાબને લગતો (યાને સવાબનાં કામનો) વીચાર રાખ-
૩ વાની છે. અને આદમીની અંદર તેના શુધારાને લગતી સકતી તેને
લીધે છે. આદમીની અંદર જયાંશુધી બેહમનને લગતી (યાને ભલા વીચા-
રને લગતી) જાતીઅક્કલ છે, ત્યાંસુધી તેનો વીચાર પોતાને સારૂ સારા
ગુણ અને સારી શકતીને વીચારવાનો છે. માણસની જીંદગી આબાદી
વાલી, તેને લગતા સંતોશ અને અહુરમજદની તરફના સંભાળથી છે.
અને તેથી (માણસને) યેજદાંને લગતા સારા ગુણ અને સારી શકતીનું
પુરતી રીતે વીચારવુંછે. અને તેથી તે ઇનસાન યજદાંની તરફથી વગર
અદેખાઇએ રેહેવાની ઓતમ બખશેશવાલું છે. અને તેથી તે (આદમી) ને
(આએ દુનીઆંમાં) વગર આજારે રેહવુંછે. અને ભલા લોકોની સાંહાં-
મણે ફરીઆદ તથા જગડો કરનાર થવું નથી. વલી જે ઇનશાંન અહુર-
મજદની પાસબાનીવાલુંછે, તેને યજદાંના સારા ગુણ તથા સારી શક-
તીનો બેહરો મલેછે. અને તેથી તે પોતાના જાતભાઇઓને ઘટતી રીતે
રાખવાને ઘણું લાએક થાએછે. અને તેથી તેને ખુશી અને ખુબી
વન્તી કઉમતના સંબંધનું મેલવવું છે. વલી મજદીઅસની દીનના
સંબંધનો વખાંણવા જોગ વીચાર આપનારા દરએક જણ, તે
(ભલી અકલ) ની મારફતે તે (દીન) ને લગતી સહમજ આપનારા હતા.
જેમકે પેશદાદી લોકોમાં હોશંગ; નોકસાંન કરનારાઓમાં જોહાક; બાએ-
ગસારીઓમાં પાતસરોબ; દાંનાઇવાલાઓમાં કાઉશ; કઉમતદારોમાં
સાંમ; ચલકાટવાલાઓમાં જરતોશત; પરહેજ કરનારાઓમાં અસ્પંદીઆર.
તેમજ વલી સગ અને ભુંનને લગતી પેદાએશમાં કોઇ કોઇ (જાનવર)
યજદી ગુણ અને દાનાઇવાલાં થાઇ ગીઆછે. વલી આરાધના કરવા જોગ
ફરોહરના જરતોશતે ભલી દીનની અંદર બુજોરગીવાલા કએ-ગુશતાસ્પને
કહેલા સખુનો આએ પરમાંણે જાહેર છે કેઃ—જે કોઇ તારી તાબેદારી
સારા વીચારથી કરતો હોએ તેને તું ધીકારતો માં; કારણ કે તે (તારો
તાબેદાર) તારી તરફની તે કેળવણીથી વધારે બુરો થસે.

૪ પ્રમાંણીક વીચારવાનો ફાએદો-આએ ભલી દીનની અંદર જે કાંઇ
સંબંધ ધરાવનારૂં (લખાંણ) છે, તેને હમેશાં વીચારવાને લગતો છે. આએ
(દીનના સંબંધને) સારૂ અશો જરતોશતે ગુશતાસ્પને આ પરમાંણે કહેલું
હતું કેઃ—વલી તુંને આએ પરમાંણેની હીમત, અને તુંને આએ રીતની ફતેહ,
જાંહ શુધી તું આએ (દીનનાં ફરમાન)-પરમાણેનાં કાંમ કરશે તાંહાંશુધી છે.

અપ્રમાંણીક વીચારવાનું મુલ, એહરેમનને લગતા અપ્રમાંણીક વીચારવાનો દુરગુણ આદમીની અંદર હોવાથીછે. અને તે વીચારની સહમજ, પોતાની ઉલટા વીચારવાલી તથા લોભી શકતીએ કરી (આવતી દુનીઆંની), હયાતીના અસબાબને દુર કરવાની છે. અને તેથી તે આદમીના વીચાર તેને મારેતા સારા ગુણ તથા સારી શકતીને વીચારવાના નથી. પણ અહુરમજદની તરફનો સંભાલ કરનારા યજદોની સારી શકતી તથા સારા ગુણોને ધીકારવાનો છે. અને વળી યજદોની બખશેશ વીશેની તેને અદેખાઇ તથા ઉલટી ઇચ્છા રાખવીછે. અને તેથી તેને પોતાને મારેની તનદરૂસ્તીની સાંહમણે થવું, તેને અનીતીથી લડવું અને પુરતી બદીના વીચારનું તેની અંદર તાજું થવું છે. અને તેના આતમાને લગતી જે ઓત્તમ શકતી હમેશગીને લગતી છે, તેનું તે વીચારની મારફતે કમજોર થવુંછે. અને જે કાંઇ તેને લગતા ઓત્તમ યજદોના સારા ગુણ અને સારી શકતી છે, તે સઘળી શકતીઓની તરફથી તેનો ધીકાર થવોછે. અને તે (આદમી) કાએદાને તોડનારા દેવોની અંધકાર શકતીવાળું છે. તેથી તેના જાનને લગતી જીંદગીને હાણી પોંહચાડવી ઘટારત છે. જેમ પેલા શનાવીદક* દરૂજને જલદીથી નાપેદા કરવા સારૂ ઘણા કીરતીવાલા પેહલવાંન, સામના કેરસાસ્પ વીશે (અવસ્તામાં) જણાવેલુંછે તેમ. ૫ ૬

---

* જમીઆદ યશતના ૪૩ અને ૪૪ મો ફકરામાં આએ 'સ્નાવિધક' નામના દાહતને પેહલવાંન કેરશાસ્પે મારયો હતો તે વીશેનું, તથા એ દાહતની મગરૂરી વીશેનું, વરણુન આએ રીતે કરેલુંછે:—

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

"જેણે (યાને કેરેસાસ્પે) સ્નાવિધકને મારયો, કે જે (સ્નાવિધક) સખ્ત ખડીવતે તથા સખ્ત હાથે (હોરમજદની પેદાયશને) મારનારો (હતો.) તે આએ પ્રમાણે મગરૂરી ભરેલો વીચાર રાખતો હતો કે:—'હું હજી પુરતી ઉમરનો થયો નથી. જો હું પુરતી ઉમરનો થાઉં (અને) જો મને જેહાંપેહલવાંન કેરસાસ્પ મારે નહીં, તો આસમાનને હું (મારી) ગાડી બનાઉં, અને પૃથ્વિને (તેનું) પઈડું

૧ (૧૮૦) ભલી ખુની આદવાળાઓની ઊપર તે વગર શકતીવાલો (અંગ્રમઈનીઊશ) કોઈ પરકારે લાએકનો નથી. અને લાએક થાએલો નથી. અને લાએક થશે નહી. પણ દાદાર અહુરમજદ તેની ઊપર શું હદવાળા કે વગર હદવાળા વખતમાં શકતીવાંન રેહેસે, તે વીસે દીનના આગેવાંનોએ ભલી દીનનાં લખાંણ ઊપરથી કરેલો ખોલાસો.

૨ જાણવું કે, ભલાઈવાલા (યજદો) નો બાપ અને (તેઓને) જનમ આપનાર—સઘલી સહુમજવાલો—સરવે શકતીવાંન અને સરવેનો માલેક, દાદાર અહુરમજદછે. તે ભલી ઈછાવાલા-સવાબકાર (અહુરમજદ) ની આગલ, બુરી શકતીવાલો (અગ્રમઈનીઊશ) નહી હતો, નથી અને નથી
૩ રહેવાનો. વલી તે (અશો અહુરમજદ) વીસે (દીનમાં) એમ જણાવેલું છે કે, તે દરએક લાએક (આદમી) ની અંદર શકતીવાંન છે. અને તેનો સંબંધ સઘલી તેનાં ગુણ સાથે સંબંધ રાખનારી (યાને સ્પેનામીનોને લગતી) પેદાએશની અંદરછે. અને પેલો બુરીદીનના તરીકાવાળો (અંગ્રમઈનીશ) દરએક (આદમી) ની અંદર જે શકતીવાંન છે, તે હદવાળા વખતમાં જે (માણસ) ની અંદર તેની બુરી દીન પેવસ થાએલી હોએછે, તેને લીધેછે. અને વલી તે આસમાની દોર-વગરના બેકીનારે વખતની અંદર (યાને રીસ્તાખેજના વખતમાં), તે (અંગ્રમઈનીઊશ) ની હદનું આએ દુનીઆંમાં પુરૂં થવુંછે. પણ વખતની અંદર તેને વગર હદવેર રેહેવુંછે.

બનાઉં; સ્પેંતામીનોને રોશનીવાલા ગરોથમાનમાંથી હું નિચે લાઉં, અને ગંધાતાં દોઝખમાંથી હેરેમનને હું ઉંચે લઈ આઉં; (કે) તે સ્પેંતામીનો અને હેરેમન મારી ગાડીમાં જોડાએ. તે (સ્નાવિધક)ને જેહાપેહલવાંન કેરસાસ્પે મારયો, જેથી તેની જીંદગીનો અંત આયો અને તેનો (યાને સ્નાવિધકનો) ઓત્મા નાબુદ થયો."

સ્નાવિધક દએતનું ઉપલું વરણન યુનાની કવી હોમરના 'ઓડીસી' નામના ગ્રંથમાં જણાયલા 'ઓટસ' અને 'ઈફીએલતીસ' રાક્ષસોના વરણનને થોડુંએક મળતું આવેછે. હોમર તેઓ વિશે લખેછે કે:—

'Such were those youths! Had they to manhood grown,
Almighty Jove had trembled on his throne:'

(જુવો ડારમેસ્ટેટ સફે-૨૯૭.)

(૧૮૫) દાદારને પસંદ પડતાં કાંમથી આદમી (દાદારને) પસંદ પડતું છે. અને આદમીને પસંદ પડતાં કામથી દાદાર (આદમીને) પસંદ પડતો છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, આતમાને લગતી ભલી દીનની સહમજ (આદમીને મળવા) થી, આદમી પોતાને સુધારવાનાં જે કામ કરી સકેછે, તે આદમીએ પસંદ કરેલાં કાંમ, દાદારને પસંદ પડતાંછે. તેમજ જે આદમી પોતાની સાચી અકલથી (યાને ખરાં અંન્તકરણથી), પસંદ કરવા જોગ કાયેદાસરનાં કાંમ કરેછે, તે આદમી બુજોરગી ભરેલા દાદારને પસંદ છે એમ કેહવું વાજબીછે. વલી તે દાદાર, આદમીને તેના આતમાને માટેની દરેએક અકલથી મારફતે ફતેહ બખશનારોછે; તયારે તે દાદાર આગમચથી પોતાની સાચી અકલથી પસંદ કરવાજોગ અકલવાળો અને (આદમીને) પસંદ કરવાજોગ કાંમ કરનારોછે. ૨ ૩

(૧૮૪) જે કાંઈ આતશ અને પાણી આદમીના એખતીઆરમાં હોએ તેને ભલી દીનના હોકમ મુજબ સંભાળથી રાખવાં, અને તેને અંધારાંથો ખોહલાં રાખવા વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, આએ દુનીઆંની વસતુઓ હમેંશાં પોતાનાં અસલ ૨
મથકની તરફ પાછો દેખાવ આપવાનાં એરાદાવાલીછે. (તેમાં) આતશનું ૩
અસલ મથક આતશનું ખોરેહ (યાને નુર)છે. પાંણીનું અસલ મથક ૪
જમીન ઉપરનો દરીઆવછે. જોસ્સાથી આતશનું ઉપર નીકલી આવવું ૫
પવનને લીધેછે. અને તે (પવન) થી પાંણીને તરેહવાર રીતે જમીનની
અંદર નીચે પંથરાવુંછે. પવનને લીધે દરીઆવને હીલચાલ કરવીછે. અને ૬
આએ દુનીઆંની હયાતી ધરાવનારાં આદમીઓને ગરમી તથા તરાવતનું
મલવું પવનથીછે. અને આએ દુનીઆંનાં બીજાં જાંનવરોને જણમવું
તથા તેઓની (જાતની) અંદર સુધારો થવો, પાંણીની બખ્શેશથી જણાએલોછે.

૭ તે આતશ અને પાણીને નજીસીથી દુર નહી રાખવાએ લોકો નજીસ થાએછે. અને તે નેજાસત દરીઆનાં પાણીમાં નાંખવાથી તે સઘળી હવાની અંદર મલી જાએછે. અને પવનની ગરમીની મારફતે તે (નેજાસત) નો આમ આએ દુનીઆનાં લોકોમાં પેવસ થાએછે. તે (નેજાસત) નો સંબંધ (લોકોમાં) શું ગરમી કે શું તરાવત (એ બેહુ ચીજ) થી છે. તેને લગતાં દુઃખનું નીવારંણ કરવું, અને તનદરૂસ્તીથી રેહવું, એ આએ દુનીઆનાં લોકોએ તે (નેજાસત) ના સંબંધથી પોતાને દુર તથા પાક રાખવાએછે. આદમીને રીમન થવાનો સબબ નેજાસતથી છે. અને તેથી (આદમીનાં) બદનને બીમારી અને સઘળી જાતના મરજેનો ઉપદરવ થાએછે. એ પરમાણેના ઘણાએક આજારોની પુર ઘાસતીના સબબને સારૂ ભલી દીનની અંદર આતશ તથા પાણીને નેજાસતથી દુર રાખવાની નસીહત કરેલીછે.

૮ જે ધરમવાલાઓના ધરમની અંદર પાણી તથા આતશને રીમની તથા ગનદગીથી નજીસ કરવાની ઇછા બતલાવેલી હોએ, તે ધરમ આદમીઓને બીમાર તથા મોતમંદ કરવાને માટેનોછે. અને તે ધરમને લગતો ફતવો આપનાર (ધરમગુરૂ) ગોયા આદમીઓની દુશમનીના ખવાસવાલો છે.

---

૧ (૧૮૮) ભલી દીનવાલાં આદમીએ વખતની અંદર દીનની નસીહતના તરીકાથી પોતાને ચલાવવા વીશે ભલી દીનનો ખોલાસો.

૨ જાંણવું કે, ભલી દીનને લગતી આએ નસીહત છે કે, ભલી દીનવાલાં આદમીઓનો ચહડતે દરજજેનો વખંત (જેઆરે) તેઓ પોતે ચહડતે દરજજેની અકલ-સારા ગુણો-ઉંચી નીતી-ચહડતો દરજજો મેળવવાની કુશેશ-જાહેરકાંમને લગતી હીંમત-કઉઅત અને આગેવાની કરવાથી, ઉતરતે દરજજેના વખતની સાંહાંમણે થનારા હોએચ તેઆરે છે. અને જેઓ ચહડતે દરજજેના વખતની સાહાંમણે થનારછે, તેઓ પોતાને એલમ શીખવવાથી પાછા રાખનારા, તથા ભલા લોકોની હીંમત-નમનતાઇ-સંતોષ અને મોહટાઇને ઉંધી વાલવા સારૂ પોતાને ચલાવનારા ઉતરતે દરજજેના લોકો છે. એ વીસે દીનને લગતી
૩

નસીહતની અંદર પરંદાં મુરગોના અને ખરફસ્તરોના દેખાવની મીસલ આપેઆમાં આવેલીછે કે, જેયારે રાત પહોછે ત્યારે અંધારામાં બાહેર નીકલનારાં જાંનવરોનું (દુનીઆંમાં) ફરવુંહરવું થાયછે. અને રોશનીમાં ફરવાવાલાં પખશીઓને (તેઓના) માલામાંથી બાહેર નીકલવું નથી. અને રોશનીવાલાં પખશીઓનાં બંધ પડવાથી, અંધારીવાલાં જાંનવરોને ખોલી રીતે ફરહર કરવીછે. અને રોશનીવાલા દીવસની શરૂઆતમાં અંધારાં મકાંનમાં રેહવાવાલાં અંધારીવાલાં નાસકારક અને બુરી ચાલચલંણવાલાં મુજી જાંનવરોનું બંધ પડવુંછે. અને રોશનીવાલાં પખશીઓનું ખોલી રીતે બાહેર નીકલવુંછે. (તેમ શારા અને માઠા વખતનું દુનીઆંમાં રેહવુંછે.

---

(૧૮૧) દીન ઉપર ઓસ્તવાર રેહવા વીસેના તથા તેની બદગોઈ કરવાના વીચાર વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, ભલી દીન ઉપર ઓસ્તવાર રેહવા વીશેનો વીચાર તેને ૨
લગતાં પ્રાકરંણમાં આગલ જણાવેલોછે. ભલી દીનની બદગોઇ કરવાના ૩
વીચાર બેતરેહનાછે. એક આશમોગની માફક આવતી દુનીઆની હયા- ૪
તીને નહી માંનવાનોછે. અને બીજો બુરી દીનવાલાની માફક ભલી ૫
દીનને બુરી ગણવાનોછે.

---

(૧૯૦) ભલી દીન અને બુરી દીનનાં નામ વીશે તથા તે દીન પાલનારાઓ કેવા છે? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે ભલી દીન, (એ ખોદાએતાલાની) જાતી અકલનો સંબંધ ૨
ધરાવનારી, સંઘલી રીતની સીનગાર પાંમેલી દાંનાઇવાલી, ચહડતે દરજેની બાબતની સહમજ આપનારી, ભલા મીનોને લગતી બુજોરગી ધરાવનારી, નીતીઓમાં સરવેથી સરસનીતીવાલી, અને હમેશગીને લગતી સઘલી ભલાઇ,

બખ્શેશ અને જાલવણીવાલીછે. અને તેની મતલબ તે દીનવાલાને ખોદા એતાલાની સ્તુતી કરનારો, તેના તાબેદાર તરીકે રેહેનારો, અસલની સાથે સંબંધ રાખનારો અને અસલ વીચારવાલો બનાવવાનીછે. (કારણ કે) તે (દીન) પોતે અશોઈનું મથક અને હકુમતનું મુલછે. અને તે (દીન) ઉપર એતેકાદ રાખનારા લોકો તે દીનની મદદથી (પોતાના) ખવાસને સુધારનારા, અકલનો વધારો કરનારા, અને તે (દીનની) ખોરેહનો પ્રકાશ (બીજાઓને) આપનારાછે. તે દીનના સંબંધવાલી હકુમત જોબદારછે. અને બેહદ આદમીઓ તે દીન ઉપર એતેકાદ રાખનારાં હોવાએ સારા વખતનું બનવુંછે. અને તેથી લોકોની અંદરથી નાપાકીને તથા એબ આપનાર (એહરેમન) ને તોડવું, અને લોકોને (દોજખથી) છુટકારો મલવોછે. જે (દીન) ની અંદર અથોરનાંન-રથેશતાર વાસ્તરીઉશ અને હુતોખ્શનાં વર્ગો તથા આહુરમજદની પ્રસ્તેશ-નેકી અને બીજા સવાબ તથા ભલાઈને લગતા સારા
૩ ગુણોછે. બુરી દીન-એ એહરેમનના ઉલટા વીચારનો સંબંધ ધરાવનારી-અગમ બુધીની સાંહમને થનારી, જુઠા લોભને લગતા બુરા મીનોના સખુનોના જથાવાલી, માંણસને તસદી ભોગવાવનારી, જાદુઈની મારફતે દેવને પ્રકાશ આપનારી, યજદાંને નાંમે દરૂજની આરાધના કરાવનારી, અનીતીનો નીતીનાં નાંમથી રેવાજ આપનારી, ફરેહીબુત અને અઈબીબુતની માતા અને ખોટારાંનું મથકછે. અને તે (દીન) થી જોલમગારહાકમને જોબછે. આએ (બુરી) દીન ઉપર એતેકાદ રાખનારા લોકો પોતાના ખવાસને બુરો કરનારા, અકલને ઉંધી વાલનારા, અને ખોરેહને ઘટાડનારાછે. તે દીનને બુરી મદદ આપવાએ તેને લગતા હાકમને જોબછે. અને તે (દીન) ઉપરે એતેકાદ રાખનારાં ઘણાંએક માંણસો ઠગાઈથી બુરાઈને લગતા વખતવાલાંછે. (કારણ કે તેઓ) લોકોને બુરી મદદ તથા અંગ્રમઈનીઉશનું ઉલટું જોર આપનારાં અને તેથી ભલા લોકોને સંકટમાં લાવનારાંછે. જે (બુરી દીન) ની અંદર નેકીને ખરાબ કરવાની, જોલમ કરવાની, ઘાતકી થવાની, ઠગાઈ કરવાની, બદકાર બનવાની, દેવપ્રસ્તીની
૪ અને બીજાં પાપી તથા બદ કાંમો કરવાની નીચ એબોછે. તે બુરી દીન આપમતલબના સંબંધવાલી, અગમ બુધીની દુશમન, સહમજ સકતીને આડે આવનારી, મીનોઈ દુનીઆનાં ઈમાનમાં ખલલ નાખનારી અને નેસ્તીના તરીકાને પસંદ કરનારીછે. અને તેમાં બેઈમાંની, કાફરોને લગતો ખવાસ અને જાદુઈછે.

(૧૧) દાદાર અહુરમજદ (આએ દુનીઆમાં) નેક ૧
પેદાએશને જણમ આપનારછે, તે વીસે ભલી
દીનને લગતો ખોલાસો.

જાણવું કે, જણમ-એ બોલ મીનોઈ દુનીઆમાં હયાતી પાંમેલી ૨
પેહલ્લી પેદાએશને સારૂછે. મીનોને લગતાં મુલ અને અસલનું (યાને
હયાતીનુ) જણાવું આએ દુનીઆંની કઉઅતની મારફતેછે. ગેબી આતમા ૩
જે (બદનની અંદર) પોંહચેલોછે, તે જેમ તાજના કારણસર શુનુંછે;
વાસનનાં કારણસર રૂપું છે; ચાંચવા-ફાવરાનાં કારણસર લોહડું છે; બારણાં
બરશાખનાં કારણેસર લાકડુંછે; ફુલનાં કારણસર મુલછે; અને જનમ
લેનારનાં કારણસર જણનમ આપનારછે, તે મીસાલેછે. બીજી જે ૪
કાયાનો સંબંધ ધરાવનારી વસ્તુછે તે આતમાને લગતી કઉઅતની
બખ્શેશથીછે. ખલક-એ નાંમ, મીનોને લગતા (આતમા) ને આએ ૫
દુનીઆંને લગતાં (બદન) ની અંદર આવવાને લીધે પડેલુંછે. હયાતી ૬
વાલી કાયા, તેને કઉઅત આપનારા આતમાથી બનેલીછે. જેમ ઉનનો ૭
દોરો ઉનથીછે; તાજની બનાવટ શુનાંથીછે; વાસણની બનાવટ રૂપાંથીછે;
ચાંચવા ફાવરાની બનાવટ લોહડાંથીછે; બારણાં બરશાખની બનાવટ લાક-
ડાંથીછે; ફુલની બનાવટ મુલથીછે; અને જણમ લેનાર જણમ આપ
નારથીછે. તેમ બીજી કાયા તેના પોતાના અસલ આતમાથીછે.
કાયાને કઉઅત આપનાર તરીકે અસલ આતમા ગણાએછે. જેમ એક ૮-૯
બીથી તેને લગતાં જાડો ઉગેલાંછે, તેમ આએ દુનીઆંની કાયાઓ (ઇયાને-
ઇનશાંન તથા હેવાંનો) તેને લગતી બુનીઆદથી બનેલાંછે. જેને દીનની-
અંદર હયાતીવાલી કાયાનું નામ આપેલું છે. હયાતીવાલી કાયા માદા- ૧૦
ના વસીલાથી અને આતશ તથા પાણીની કઉઅતના સબબથી છે. જે
(આતમા) ઓ કઉઅતવાલી જીંદગી ધરાવનારાછે, તેઓ કાયાવાળા
કેહવાએ છે. વલી આએ દુનીઆંની કાયાને લગતી શરૂઆતનું તોખ્મ
પાંણીની જાતથીછે. અને તે (કાયા) ને દીનની અંદર હીલચાલ કરનારી હયાતી
(એટલે જે જાનદાર ઇનશાંન યા હેવાંન) નું નામ આપેલું છે. વલી તે
(તોખ્મ) સેવટે આતમાની મારફતે પાહ લઈને કાયાવાલું આદમી બને
છે. જે જોડાંનાં સંબંધથી તેની કાયા બનીછે, તે તેના મા-બાપ તરીકે

ગણાએછે. અને તેની પોતાની જાત તેઓનાં ફરજંદ તરીકે કેહવાએછે. અને જો તે (ફરજંદ) સારી જાત વાલુ હોએછે, તો તેનીથી હયાતીવાલી ખલકને ફાએદો થાએછે. અને વલી તે એક સારી કીરતીવાલાં માણસથી, કેટલાંએક આદમીઓ યજદાંનાં કામનો શોરો શોક કરનારા થાએછે.

૧ (૧૧) **આસમાંની દોરને બનાવનાર અગમ બુધીવાલા દાદાર અહુરમજદે, હદવાલા વખત*ની અંદર બે તરેહની સકતી ધરાવનારાઓથી બે તરેહનુ કામ કરનારાઓનો અટકાવ કરેલોછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાંણવું કે, આસમાંની દોરને બનાવનારા અગમ બુધીવાલા દાદાર અહુરમજદે, (આએ દુનીઆંમાં) હદવાલા વખતની અંદર બે સકતીવાલાઓની મારફતે બે તરેહનું કામ કરનારાઓનો અટકાવ કરેલો છે. તેમાં (આદમીઓ) ખોદાએતાલાની અહડતે દરજેની હકુમતની સહમજને ચાલુ રાખવાએ હાંણી પોંહચાડનારી સકતીને નાપસંદ કરનારછે. અને તે ઠગાઇને લગતી સકતીને લીધે બુરાં કામવાલુંછે. જેઓ જે પરમાણેની વીચાર સકતી ધરાવનારાછે, તેઓ તે પરમાંણેનું કામ પસંદ કરનારાંછે. તેથી છ હજાર વરસના હદવાલા વખતની અંદર, (માણસે) પોતાને દેવને લગતાં કોઇબી કામની તરફ ચલાવવાથી અટકાવવું અને પાછું ફેરવવું. અને આએ દુનીઆંની આખેરી સુધી (એટલે જે આએ દુનીઆંની હયાતીવેર) લોકોને આતમાનાં કામની શહમજ આપવી (ઘટારત) છે.
3 તેમાં (ઇઆને ઉપર જણાવેલી બે જાતોમાંની) એક (લોકોને આએ દુનીઆંમાં) ચલાવવા સારૂ અથોરનાંનની ભલી અને ખાલેસ જાત છે. કે જે (અથોરનાંન) પોતાની અંદર સ્પેનામીનોની ખોરેહ ધરાવનારો છે. અને તેથી તે (અથોરનાંન) જે (યજમાંન) તેને લગતો હોએચ તેને પોતાને લગતી ઇચ્છા આપીને હયાતીની અંદર તેનો (દોજખથી) છુટકારો કરનારછે.

* હદવાળો વખત—તે આએ દુનીઆંની ૧૨૦૦૦) વરસની હદને લગતો વખત સહમજવો. અને તેની અંદર છ હજાર વરસની હદવાલો વખત પેગમબર જરતોશથી રીસ્તાખેજ સુધીનો ગણવો. હદવાળા વખતને અવસ્તામાં [Avestan script] કરીને કેહછે.

જે (કામ) થી તે (અથોરનાંન) પોતાની પેદાએશથી હેરેમનને પુરતી રીતે હાંકી કાહડવાની અને (લોકોની અંદર) તેનો ઘટારો કરવાની સેવટની ફતેહ મેળવનારોછે. આએ (અથોરનાંનની) જાત સ્પેનામીનોને લગતી કેહવાએછે. કારણ કે અહુરમજ્દ પોતે તેની જાતની અંદર છે. તે (અથોરનાંન) નો સફેદ પોશાક છે. અને તે બેહમન અને માએસ્પન્તની (મદદ) ને લીધે ગેબી વીચારની અંદર ઘણો ચહડતે દરજ્જેનો છે. તે (અથોરનાંન) ની સરવેથી ચહડતે દરજ્જેની પ્રતાપી જાતને ૪
સારી રીતે ચલાવનાર તેની અંદરના રોશનીવાળા યજ્દો છે. આદમીનાં બદનની અંદર તેનાં રવાંનને ચલાવવા સારૂ સારી સહમજ આપનારી યજ્દી શકતીઓ રેહછે. તે શકતીઓ (આદમીની) અંદર અકલની મારફતે સારા ગુનોને, (યજ્દાંની) તાબેદારીની મારફતે સંતોશને. અને જાતી અકલના વીચારની મારફતે સારા ખ્યવાસોમાં સાચું બોલવાના સખુનોને લઇ જનારછે. આએ દુનીઆનાં આદમીઓના (ચેઆર) ૫
ટોળાની અંદર અશો મરદ તરીકે અથોરનાંનોના સરદાર તરીકે છે. તેમાં જે ધરમગુરૂ–અને હાકમ છે, તે આએ દુનીઆનાં લોકોમાં સરવેથી વડાછે. પોશાકોની અંદર તે રોશનીવાળા (પુરૂશ) ને સારૂ સફેદ પોશાકછે. ૬
આએ દુનીઆમાં નેક કામ કરનારાઓ, ભલાં (માણસ) ને ચહડતે ૭
દરજ્જે પોંહચાડવાથી અને બુરાં (માણસ) ને સજા કરવાથીછે.

બીજી (લોકોને આએ દુનીઆમાં) ચલાવવા સારૂ દેવની દીનની ૮
કેળવણી આપનારી બુરી અને નજીસ જાતછે. કે જે પોતાની અંદર ધનાહમીનોની ખોરહે ધરાવનારછે, તેથી તે પોતાના તાએબામાં જે (યજમાંન) હોએછે તેને, પોતાને લગતી ઇચ્છા આપીને (આએ દુનીઆની હયાતીને લગતા) આસમાંની દોરના વખતની અંદર ચલાવનારછે. અને તે (દોજખથી) છુટકારો કરવાનાં કામને ઘટાડનારોછે. આએ ધનાહમીનોનાં ખોરહેને પસંદ કરનારો (ધરમગુરૂ) આખેરની સહમજથી આંધરોછે. આએ (ધરમ ૯
ગુરૂની) જાત અંઘ્રમઇનીઉશ (ની જાત તરીકે) કેહવાએછે; (કારણ કે અંઘ્રમઇનીઉશ) પોતે તેની (જાતની) અંદર છે. તે (અંઘ્રમઇનીઉશ) નો સંબંધ તે (ધરમગુરૂ) ની અંદર, બુરી દીનના ઉલટા વીચારને સારૂ, તથા સખતી પોંહચાડનારા અને કાએદાને તોડનારા દેવોનાં રેહઠાંણને સારૂછે. તે (પાપી ધરમગુરૂ) ની અંદર જે

(સહુમજ સકતીની) સખાવત કરનારા સખીઓછે, તે આજાર દેનારા
અવાખ્તરીઓ (યાને દેવો) છે. જેને અવાખ્તરી સેતારાઓની સહુમજ
ધરાવનારાઓ અંવાખ્તરીસનીચરને નાંમે બોલેછે. અને તે દીનને લગતાં
નામવાલી કુંભ રાસીને ઘાત કરનારછે. અને તે બુરી બુધીની મારફતે
૧૦ (માણસની) અંદર એબ કરનારછે. તે (ધરમગુરૂ) માંણસોની અંદર,
ખોદાની નાફરમાની અને અસંતોષપણાને અને (માંણસનાં) ઇમાંનની
૧૧ અંદર, નીચ વીચારની મારફતે જુઠું બોલવું લેઇ જનારછે. આએ
દુનીઆનાં લોકોમાં જે પાપી ધરમગુરૂ અથવા હાકમ તરીકે (જણુમ લેના-
ર) છે, તે ઘાતકી ટોલામાંના બુરી દીનની કેલવણી આપનારા ઘાતકી
સરદારોમાંથીછે. અને તેમાં લોકોની અંદર જે ચહડતે દરજેની બુરી
૧૨ દીનવાલો તથા દોજખીછે, તે ઘાતકીઓનાં સરદાર તરીકેછે. પોશાકોની
૧૩ અંદર તેને માટેનો પોશાક દેવના તાબેદાર તરીકેનોછે. બદકારોની
અંદર તેનું કમ ભલાને ઇજા દેવાનું અને બુરાને વધારવાનુંછે.
૧૪ એક (યાને તરીજી) ભલા (ધરમગુરૂ) ના સંબંધથી (આએ દુનીઆંમાં)
પોતાને ચલાવનારી પેહલવાંની જાતછે. કે જેનો વીચાર સારી દાનાઇને
જણુમ આપનારા અથોરનાનોને, (લોકોને) સુધરેલી રીતે અને સુધારાના
વીચારથી સારી રીતે ચલાવવાનાં કામમાં મદદ અને હીમત આપવાનોછે.
અને જે કોઇ ચહડતે દરજેના વીચારવાલી ખાસીયતનો હોએ તેનો વીચાર
મેલવવાનો તથા દુનીઆંના જે લોકો તેના તાએબામાં હોએ તેઓને ફાએદા
ભરેલી મદદ કરવાનોછે. તે (પેહલવાન) પોતાને આસમાંની દોરના વખતમાં
(યાને પોતાની આએ દુનીઆંને લગતી જીંદગીની અંદર) દોજખથી
છુટકારો આપનાર અને આખેરશનો ફાએદો મેલવનારછે. તેમજ તે
ભલી બુનીઆદવાલો (પેહલવાંન) બેહુ જેહાંનની અંદર સેવટ સુધી પોતાની
૧૫ અંદર (અહુરમજદનાં) ખોરેહને રાખનારછે. આએ (પેહલવાંની)
આતમાવાલી જાતનું ચહડતે દરજેનું કામ તેના ભલા પોશાક
(યાને જાત) ને લગતુંછે. અને તેની અંદર યજદોનું રેહાંણ હોવાને
લીધે તેની દાનાઇ ભલા મીનોને લગતાં ખોરેહવાલીછે. અને તે પોતે
બાહદુરીવાલાઓની અંદર દુઃખ ભાંજનારા પેહલવાંનના નાંમથી બોલાએછે.
૧૬ વલી તે (પેહલવાંન) મરદાંનગીવાલા નરોની ચહડતે દરજેની બાહદુરીના
હોનરોની અંદર એક પ્રકાશ આપનારાં ઇનસાંન તરીકેછે. અને
તે પોતાની અંદર ચહડતે દરજેનાં ઇમાનવાલા વીચારોને લેઇ જનારછે.

અને સારી ઇચ્છાની મારફતે પોતાની અંદર સારા ખવાસને રાખનારો
તથા ચહડતે દરજેના વીચારવાલાં કાંમ કરનારોછે. આએ દુનીઆંના ૧૭
લોકોમાં જે જોરાવર અને પેહલવાંની જાતવાલાછે, તેઓ અરથેશતાર
(યાને પાદશાહ પેહલવાંનો) ના ટોલામાંનાછે. અને તેઓની અંદર જે
દલેર સેપેહસાલાર તરીકેછે તેઓ પેહલવાંનોના સરદારોછે. પોશાકોની અંદર
તે (પેહલવાંનો) ને માટેનો રાતો અને બલવન્ત પોશાકછે. જે (પોશાક)
સઘલો રૂપાં-શુનાં અને પ્રકાશ આપનારાં જહવેરાંતની ચીજોથી જડાવદાર
બનાવેલો હોએછે, તેમજ તે પોશાક ચલકાટવાલો અને ભભુકદાર હોએછે.
કાંમોની અંદર તેઓનું કાંમ ચહડતે દરજેનો ઇનસાફ ખલકના લોકોને ૧૮
આપવાનું તથા ભલા અને બુરા એ બેમાંના એકને ચહડતે દરજે
પોહચાડવાનું અને એકને સજા કરવાનુંછે.

એક (યાને ચોથી) ગુનાહની આમીજશમાં ચલાવનારી આપમત- ૧૯
લબી (પેહલવાંન) ની જાતછે. કે જે બુરા વીચારથી (આએ દુનીઆંમાં
પોતાને) ચલાવનાર હોવાથી (દોજખનાં) બંદીખાંનાંનો શાથીછે. અને
તે આડે આવનારા (અંગ્રમઇનીઉશ) ની બુરી સહમજની કેલવણી
આપનાર (ધરમગુરૂ) ની દુશ્મન તરીકેની નાપાકી અને અનીતીમાં (લોકોને)
ચલાવવાએ, પોતાનો દબદબો અને મોહટાઇને ખોહી દીએછે. અને તે
પાપી ઇચ્છાવાલાં—શુલેહનો ભંગ કરવાનાં અને નેકીને હાંણી પોહચાડ-
વાનાં કાંમ ઉલટથી કરનારછે. અને હદવાલા વખતની અંદર (યાને તેની
આએ દુનીઆંની જીનદગીમાં), જે લોકો તેનાં તાબેબામાં હોએચ તેઓને
આસમાંની દોર (ની મદદ) થી બરાતરૂત* ની મીસાલે ચલાવનારછે. અને
તેને સારૂં સેવટે (મીનોઇ જેહાંનમાં) જે લાએક બદલોછે, તે, તે કાંમ
કરનારની દરએક ઇચ્છાના દેખાવને લગતોછે. આએ (બુરાં બલવાલી)
જાત, ઉલટી અકલવાલા દરૂજને મલતીછે. તેની અંદર સખ્તી ઉપજાવનાર
દેવોનો શોક રેહછે. અને જેમ તેને જોઇએ તેમ તેની અંદર ઘાતકી
હેશમનું ઉપરીપણુંછે. અને તેની અંદર જે (વીચાર સકતીની) બખ્શેશ કરનારો
સખીછે, તે ઇજા દેનારા અવાખતરીઓમાંનો છે. જેને નજુમીઓ મંગલને
નાંમે ઓલખેછે. અને તેનું દીનને લગતું નાંમ બુરો અનીતીવાનછે. અને
એબવાલા (સેતારાઓ) માં તે આપમતલબી (ઇઆને હટીલો) છે. અને ૨૦

---

* જુઓ દીનકરદનાં દફતર પેહલાંનિ ફર્દ ૧૯ મે એ વીશે આપેલી નોટ.

તે (પેલા બુરા પેહલવાનની) અંદર વગર આએપતવાલી કંગાલીઅતને
લેઈ જનારછે. તેથી તેમા ખવાસ ઉલટી ઇચ્છાને મારેનો અને સેવટની
૨૧ ખરાબી કરનારી આપમતલબી દીઆંનતવાલોછે. અને તે (બુરો પેહલવાંન)
આએ દુનીઆંના લોકોની અંદર આપમતલબી અને ઉલટા વીચારવાલી
૨૨ લડાઇ કરનારા હાકમોની અંદરથી (જનુમ લેનારછે. અને (મજ્દી-
અસનાંનને) આડે આવનારા બુરા ધરમગુરૂના ટોલાની અંદર તે ઘાતકી-
ઓના સરદાર તરીકે તથા નાંલાએક હાકમ અને ઇજા દેનારી અકલ-
૨૩ વાલા નાફરમાંન નીઆધીસ તરીકેછે. અને પોશાકોની અંદર તેને
સારૂ તેની આપમતલબી જાતછે.

૧ (૧૧૪) આતમાને લગતો વખત હમેશનોછે, તેમજ તે હદવાલોછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, આતમાને લગતો વખત હમેશગીવાલોછે; તેમજ તે
હદવાલો છે. અને તે આતમાની સાથે જે હયાતીને લગતું કાંમ કરનારી
કઉઅતદાર વસ્તુઓછે તે પણ હમેશગીવાલીછે. અને તે સકતીઓની મારફતે
આએ દુનીઆંને લગતી કાયા તેનું કાંમ કરનારીછે. વલી આએ દુનીઆમાં
કાયાની હીલચાલ તેની અંદરના ખોદાનો આબાર માનનારા દમ (ઇઆને
સવાસ) થીછે. વલી રોશનીવાલો આતમા તથા આતમાની દમ લેવાની
સકતી (દરએક જાણુદાર પ્રાંણીના) નાભની અંદર રેહછે. અને તેથી પાંણીનું
વેહવું, અને ઓરવરનું ઉગવુંછે. અને સઘલી જાનદાર વસ્તુ, તરેહવાર
કાંમ કરનારી, તેની અંદર દમ હોવાથીછે. તે ઉપરથી (જણાએછે કે) સહમજ
ધરાવનારી હયાતીવાલી વસ્તુ હમેશાં રેહનારીછે.

(૧૧) આએ દુનીઆંની હયાતીવાલી કાયા હયાતીને લીધે હીલચાલ કરનારી તથા હયાતીને લીધે રેહી સકનારીછે. તે વીસે અવસ્તાની અંદર જણાવેલો ભલી દીનનાં લખાંણ (સાથ) નો ખોલાસો. ૧

જાણવું કે, બાકી બુનીઆદવાલી હયાતી ધરાવનારી કાયાઓનો સેલસેલો, હયાતીવાલી વસ્તુઓના સેલસેલાની માફકછે. અને જણમ લેનારનું જાહેર થવું, (તેને) જણમ આપનારાં મુલથીછે. વલી બદન (ને હયાતી ભોગવવા) નો ઉપાએ હવાછે. અને તત્વોને એકબીજા સાથે મલીને રેહેવાનું મુલ આતમાને લગતી સકતીઓછે. અને તે આતમાઇ સકતી પેદાએશની અંદર હોવાથી પેદાએશ હયાતીવાલીછે. જેમ સોનીની કારીગરીની સહમજ જે શુનેરી તાજ અને તખતની જાત તેનીથી બને- ૨
લીછે તે ઉપરથી મલેછે. અને રૂપગરની કારીગરીની સહમજ રૂપાનાં ૩
વાસણ અને ઇસ્ટાંનથી આપણને મલેછે. અને લોહારની કારીગરીની ૪
સહમજ જે લોહડાંના ફાવરા ઇતીઆદી ઉપરથી આપણને મલેછે. અને ૫
સુથારની કારીગરીની સહમજ તેણે લાકડાંથી જે કુરસી-દરવાજા અને બાજટ બનાવેલાછે તે ઉપરથી આપણને મલેછે. તેજ પરમાંણે હયાતીના માલેકનું ૬
(ઇઆને ખોદાએતાલાનુ) (સઘલાં) મુલોનાં એક મુલ તરીકે જણાવુંછે. આએ દુનીઆંનું મુલ હયાતીવાલાં ખોરહ (યાને આતમા) થીછે. જેમકે (એ વીસે) દીનમાં ફરમાવેલુંછે કે, (આએ દુનીઆંની) વગર હયાતીવાલી (પેદાએશ) આતમાથી વજુદ પાંમેલીછે. તોખમની અંદર (એટલે જે ઓલાદને લગતાં બીની અંદર) હયાતીને પેવસ થવાથી હીલચાલ કરનારી કાયાએ જણમ લીધેલોછે. વલી (કાયાની) અંદરની હયાતીવાલી વસ્તુને લીધે જણમ આપનારી (માતા) ની અંદર જણમ લેનારાં બચાંની શુરતનું બનવુંછે. વલી જણમ લેનારની અંદર જે કાંઇ તત્વોછે, તે કાયાની અંદરની સહમજ સકતીનાં મુલોને (યાને જાન-રવાંન-બોએ-અખો અને ફરોહરને) માદદાની (યાને પાચન સકતીની) મારફતે સહમજદાર રાખેછે. જે પરમાંણે સોની અને રૂપગરની સહમજ સકતોથી તાજ અને ગલાસ પેઆલાંની બનાવટ (યાને તે ચીજોના આકાર) તેને લગતી શુનાં અને રૂપાંની ધાતુની મારફતે બનેછે. તેમજ લોહાર અને સુથારની સહમજ ૭

સકતીથી કોડારી-પાવરો અને બાજટ તથા બારણાંનો આકાર તેને લગતી લોહડાંની ધાતુ તથા લાકડાંની જાતથી બનેછે. તેજ પરમાંણે કાયા હયાતીથી હીલચાલ કરનારીછે. તેમજ બીઆંઓનો આકાર તથા બીઆંઓને લગતા રોપાઓ તેને તેજ આપનીરા મુખ્ય (આતમા) થી હયાતી પાંમેલાછે. વલી દીનમાં જણાવેલુંછે કે, હયાતી વગરની (વસ્તુ) હયાતીથી હીલચાલ કરનારી બનેલીછે. અને હયાતીનું રેહઠું કાયાવાલી જાતથીછે. બુજોરગ આતમાને તેનાં બીઆંની અંદર દાખેલ થવાનો ખોલાશો જેમ એક ચીજની અંદર એક શખશ હોએચ, અને જણુમ આપનારી (માતા) ની અંદર બચાંના આકારની બનાવટ થાએછે તે પરમાંણે છે. વલી મરદનાં વીરજથી (બચાંનાં આકારની) બનાવટ, જણુમ આપનારી માવતરની અંદર આતમાને લગતી સકતીઓનાં હેકમતી કાંમથીછે. જેમ ધાતુની ખાંનને (આતશના) તાપથી તાવી નાખવાએ તે ખાલેસ બનેછે. અને લાકડું કાપવા અને છોલવાથી સાફ થાએછે; તેમ હયાતી ધરાવનારી કાયા બનેલીછે. વલી હયાતીથી હીલચાલ કરનારાં (ઇનસાંન) વીશે દીનમાં આએ રીતે ફરમાવેલુંછે કે, હીલચાલ કરનારી હયાતીથી હયાતીનું રેહઠાંણુ (ઇઆને માણસની કાયા) બનેલીછે.

૮ આએ દુનીઆંની કાયાઓનું બનવું એખલા એક (પેદાના કરનાર)થી છે. જેમ એક ચીજથી તેને લગતા ખવાશો અને એક ઇનસાંનથી તેને લગતી ખાસીઅતોછે, તેમ જણુમ લેનારના ચેહરાનો પુરતો ચીતાર તેની માતાના પેટની અંદર આતમાને લગતી સકતીઓથીછે. જેમ શુનાંથી સોનીની સહ-મજ તરેહવાર તાજ, ગલાસ અને પેઆલાં બનાવેછે; અને લાકડાંથી શુથારની સહમજ તરેહવાર આકારની ખુરશી-બાજટ અને બારણાં બનાવેછે; તેમ

૯ આએ દુનીઆંની કાયા હયાતીથી બનેલીછે. હયાતી વગર આએ દુનીઆં બનતે નહી. આએ દુનીઆંમી તરેહવાર વસ્તુઓ અને તરેહવાર શખ્શોછે, તે વસ્તુઓ તથા શખ્શો વીશે દીનમાં જણાવેલુંછે કે, તેઓ ભલું અને બુરૂં કાંમ કરનાર, (તેઓની) કાયાની અંદર (સ્પન્તોમઇનીઉશ અને અંગ્ર-મઇનીઉશચ) એ બંધે મીનોની ગેબી સકતીઓનો સંબંધ હોવાને લીધેછે.

(૧૧૦) અશો જરતોશતે આદમીઓને ઓત્તમ દશ નસીહત 1
કરી હતી. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, અશો જરતોશતે આદમીઓને ઉમદા દશ નસીહત કરી ૨
હતી. તેમાં એક (નસીહત) ખોદાતાલાની તાબેદારીને માટે (માણસે પોતાને) ૩
શુધારવા સારૂ, ખોદાના તાબેદાર તરીકે દાદાર અહુરમજદની ઉપર ચુસ્ત
એતેકાદથી રેહવાની, તથા ખલકનો સંભાલ કરનારા ખુબીવનતા આએ
દુનીઆના હાકમની હકુમત ઉપર તેની રઈઅતે ઈમાંનદારીથી એતેકાદ
રાખવા વીશેનીછે. બીજી (નસીહત) પુંણનાં કાંમથી (પોતાને) ચહડતે ૪
દરજેના બનાવવા સારૂ, અશોઈનું મુલ જે ભલી દીનછે, તે ઉપર એતેકાદ
રાખવાનીછે. તરીજી (નસીહત) દુનીઆંની અંદર શુધારો કરવા સારૂ ૫
વડા દશતુર તથા હાકમોની હકુમતનાં બલથી દીનને લગતા વીચારની
મારફતે લોકોને ચલાવવાનીછે. ચોથી (નસીહત) દરએક આદમીએ ૬
દરએક આદમીને નેકી પોહચાડવા તથા દરએક શખ્શે દરએક શખ્શને
હલાક કીધા વગર તેને શુખ પોહચાડવા સારૂ લાએક થવા વીશેનીછે.
પાંચમી (નસીહત) દરજને પોતાની જાતથી સજા પાંમતો રાખવાની અને યજ- ૭
દોને તેની જાતની અંદર આવવા સારૂ (માણશોને તેઓનો) ખવાસ શુધાર-
વાનીછે. છઠી (નસીહત) જે કાંમો (દીનથી) સુધરેલા ખવાસવાલાં (આદમી) ૮
ને સારાં દેખાએ તે કાંમ કરવાની અને જે કાંમો નહી સારાં દેખાએ તેથી
દુર રેહવાનીછે. સાતમી (નસીહત) ગુનાહથી પાક રેહવા સારૂ તથા ૯
સવાબનો સીનગાર મેલવવા સારૂ, બુરાઓની દરએક બદીથી દુર રેહવાની
અને સઘલી ભલાઈને માટે ભલા લોકોની સાથે સંબંધ રાખવાનીછે.
આઠમી (નસીહત) દેવોને ઘણી ધાસ્તી ભરેલા કરવા સારૂ તથા ૧૦
ભલા (યજદો) ની નેક દુઆ પોતાની જાતને માટે મેલવવા થકી ખેતી-
ઓદથ (યાને ઓરત તથા મરદને લગની શાદીની સગાઈ (નો બંદોબસ્ત)
કરવા વીસેનીછે.* નવમી (નસીહત) ગુનાહથી પાક રેહવા સારૂ તથા ૧૧

---

* ખેતીઓદથ—આએ બોલ અવસ્તાનો છે અને તેનો અરથ 'સગાઈ
કરવા' નો થાએછે. અને તે સગાઈ બે તરેહનીછે, એક દીનને લગતી અને એક
ઓરત અને મરદનાં જોડાંને લગતીછે. દીનને લગતી સગાઈનું વરણન યજશનેના
૧૨ મા હાની (યાને નીરંગ કુસ્તીની સેવટે પઢવામાં આવતા મજદીયસ્નો અહમિની)
અંદર આવેલું છે. અને ઓરત મરદ વચેની સગાઈ કરવાને લગતું વરણન,
વીસ્પેરદના તરીજા કરદાના તથા અહવીસ્રુઐમ ગેહના પાક અવસ્તામાં આવેલું છે.

સવાબનો બદલો મેલવવાનો મારગ ખોલલો રાખવા સારૂ, એક સાચો દશતુર
૧૨ રાખવાનીછે.† દસમી (નસીહત) લાએક વસ્તુ મલવા વીસે ખોદાએતાલાનો
આભાર માનવાની અને બીજી નેકીને સારૂ દાદાર અહુરમજદ, અમે-
શાસ્પંદો અને બીજા મીનો યજદોની આરાધના અને સ્તુતી કરવાનીછે.

૧ (૧૧) રોશન વીચારના-ગેબી સહમજ ધરાવનારા અને માથ્રેની વાચાવાલા અશો જરતોશતે, કે જે આદમીઓને અહુરમજદના સંબંધવાલી મજદયશની દીનની અંદર લાવનારો હતો, તેણે (ઊપલી) ભલી દીનને લગતી ૧૦ નસીહત કરી હતી; તેની સાંહાંમણે બુરી દાનાઇવાલા અખતજાદુએ, પાપી-અને અનીતીનો શોક રાખનારા લોકોની વચે દશ નસીહત કરી હતી.

૨ જાણવું કે, અશો જરતોશતની પેહલ્લી નસીહત (આદમીને) ખોદાએતાલાની તાબેદારીથી તથા ખલકની જાલવણી કરનારા હાકમની હકુમત ઉપર એતેકાદ રાખવાથી પોતાને સુધારવા વીસેની હતી. તેની સાંહાંમણે બુરી દાનાઇવાલા પાપી અખ‡ જાદુએ, ખોદાએતાલાની (અને

અને એ બેહુ તરેહની માંણસજાતની સગાઈ માણસને નીતીવાલું બનાવનારીછે. એટલાસારૂ તે કાંમથી યજદ અમેસાસ્પંદને ખુશી થવાનું અને દેવ દરૂજોને ધાસ્તી ખાવાનું કારણ જણાવેલુંછે.

† જુઓ યજશનેના ૧૩ મા હાનો ૩ જો ફકરો. તથા દીનકર્દ કેતાબની ચોથાં દફતરને સફે ૨૪૧ મે આપેલી નોટ.

‡ અખ જાદુ—એ જરતોસ્તી દીનને નાહી પસંદ કરનારા આશમોગ હાકમો મધેનો એક દીન દુશ્મન હાકમ હતો. અને તે પેગમબર જરતોશતે જે વેળા પાદશાહ ગુશતાસ્પની મદદથી દુનીઆંમાં મજદીઅસ્ની દીનનો ફેલાવો કીધો તે વખતે થાઇ ગીઓછે. આએ બુરા હાકમને લગતું વરણન 'માદીગાને યોશતો ફરીઆંન' યાને ગોશત ફરીઆંનના પેહલવી રેસાલામાં આવેલુંછે. અખ જાદુએ યોઇશત ફરીઆંન નાંમના એક પરહેજગાર અથોરનાંનને ૯૯ સવાલ પુછેઆ હતા તેના જવાબો યોઇશત ફરીઆંને આપેઆ હતા. અને અખ જાદુના સવાલના જવાબો આપવાની કુદરતી સકતી મેલવવા સારૂ યોઇશતફરીઆને અરદુઇસુરના વસીલાથી ખોદાએતાલાની હજુરમાં દુઆ ચાહી હતી તે વીસેનું વરણન આવાંન યશતના ૮૧—૮૩ મા ફકરામાં આવેલુંછે. તેમજ ફરવરદીન યશતના ૧૨૦ મા ફકરામાં 'યોઇશતફરીઆંન' નાં અશો ફરોહરની યાદ કરેઆમાં આવેલીછે.

આએ દુનીઆંના હાકમની) તાબેદારીને હાંણી પોંહચાડવાની અને નાફરમાન
થવાની (લોકોને) નસીહત કરી હતી. અશો જરતોશતે બીજી નસીઅત ૩
(આદમીઓને) અશોઇથી અહડતે દરજેનાં બનવા સારૂ ભલી દીન ઉપર
ઓસ્તવાર રેહવા વીસેની કરી હતી. તેની સાંહાંમણે અંધકાર અન્તકરણ-
વાલાં પાપી અખ્તજાદુએ, ભલી દીનને હાંણી પોંહચાડવા સારૂ જાદુઇને
લગતા બુરા તરીકાને (દુનીઆંમાં) ચાલુ કરવા સારૂ (લોકોને) કહીઉં હતું.
અશો જરતોશતે તરીજી નસીહત ખલકને આબાદ રાખવા અને ૪
તેને સુધારવા સારૂ દુનીઆંમાં ઇનસાફથી આરાસ્તગી આપવા વીસેની કરી
હતી; તેની સાંહાંમણે બુરી દાંનાઇવાલા પાપી અખ્ત (જાદુએ) લોકોના
ઇનસાફ હાકમ તરીકે અને અકલ પરમાંણે નહી કરવા સારૂ કહીઉં
હતું. અશો જરતોસ્તે ચોથી નસીહત દરએક જણથી દરએક આદમીને ૫
હલાકી નહી પોહચવા તથા દરએક જણમાં હલાકી વગર નેકીને પેવસ
કરવા અને સઘલા લોકોને નેકીને લાએકના થવા સારૂ કરી હતી;
તેહની સાંહાંમણે, અંધકાર અન્તકરંણવાલા-જાદુગર-પાપી અખ્તે દરએક
આદમીની દુશ્મની કરવા સારૂ, કોઇનેભી નેકી નહી પોહચાડવા સારૂ
અને દરએક માંણસને દુખ દેવાજોગ બનાવા થકી કહીઉં હતું. અશો ૬
જરતોસ્તે (આદમીઓને) પાંચમી નસીહત, (આદમીની) જાતથી દરૂજનો
અટકાવ થવા સારૂ તથા માંણસની અંદર યજદોને પોહચવા થકી
(તેઓના) ખવાસને શુધારવા વીસેની કરી હતી. તેની સાંહાંમણે અન્ધકાર
અન્તકરંણવાલા પાપી અખ્તે આદમીની દુશમનીને સારૂ તે (આદમી) ની
જાતની અંદર યજદોને પોહચવાને બદલે તેનાં શરીરમાં દેવોનું રેહઠાન
થવા સારૂ (માંણસોના) ખવાસને ખરાબ કરવા થકી કહીઉં હતું. અશો ૭
જરતોસ્તે છઠી નસીહત પવીતર કાંમને સારૂ આદમીઓના ખવાસને
શુધારવાની અને જે કાંમને (આદમી) સારૂં જાંણે તે કરવાની અને જે
(કાંમ) વીસેની સહમજ નહી હોએ તે વીસેની દાંનાઓથી પુછપરછ
કરીને સહમજ મેલવવા સારૂ કરી હતી. તેની સાંહાંમણે પાપી, જાદુગર
અખ્તે ખલકની દુશમનીને સારૂ (લોકોને) જે સારૂ કાંમ જણાએ તે
નહી કરવા તથા જે કાંમને લગતી સહમજ (માંણસને) નહી હોએ તે વીસેની
પુછપરછ નહી કરવા તથા તેની સહમજ નહી મેલવવા સારૂ કહીઉં હતું.
અશો જરતોસ્તે (આદમીઓને) સાતમી નસીહત ગુનાહથી પાક રેહવાની, ૮
સવાબથી (પોતાને) સીનગારવાની, બદીઓમાંની દરએક બદીથી (પોતાને)

દુર રાખવાની અને હમેશાં ભલા લોકોની સાથે ભલાઇને માટેની દોસતી
રાખવા વીસેની કરી હતી. તેની સાંહાંમણે પાપી-જાદુગર અફ્તે
અંધકાર અન્તકરણથી દુનીઆંનાં લોકોને ગુનાહની આલુદગીનો શોક
રાખવા સારૂ અને તેથી જાદુઇની મારફતે દુનીઆંને ઘણી હાંણી પોહ-
ચાડવા સારૂ અને બુરાઓની સાથે બુરાઇને માટે દોસતી કરવા તથા
દરએક ભલાઇને માટે ભલા લોકોથી દુર રેહવા સારૂ (આદમીઓને)
૯ કહીઉં હતું. અશો જરતોસ્તે આદમીઓને આઠમી નસીહત, તેઓની
જાતથી દેવોને ઘણી ઇજા પોહચાડવા તથા ભલા યજદોની દુઆ તેઓ ઉપર
ઉતરવા સારૂ લગણને લગતી સગાઇ તેઓની જાતને સારૂ કરવા થકી
કરી હતી. તેહની સાંહાંમણે પાપી, જાદુગર અફ્તે ભલાં માંણસનું બુરૂં
વીચારવા સારૂ તેની જે લગણને લગતી સગાઇ કરવી જોઇએ તે સગાઇ
નહી કરવા અને તેની જીનદગી સખતીમાં ગુજારવા સારૂ કહીઉં હતું.
૧૦ અશો જરતોસ્તે આદમીઓને નવમી નસીહત, (તેઓને) ગુનાહથી
પાક થવા શારૂ તથા સવાબના બદલાનો મારગ તેઓને સારૂ ખોલલો રેહવા
થકી, પોતાને સારૂ એક દાંનેશમંદ દશતુર કરવા વીસે કરી હતી. તેહની
સાંહાંમણે, બુરી દાંનાઇવાલા-પાપી અફ્તે સવાબના બદલાની (માંણસને)
નહી મદદ મલવા સારૂ તથા ગુનાહની સજાથી (માંણશોનો) છુટકારો નહી
થવા સારૂ, (લોકોને) નાંફરમાંની કરવા અને દશતુરના ઓધાને હાંણી
૧૧ પોહચાડવા સારૂ કહીઉં હતું. અશો જરતોશતે (આદમીઓને) દસમી
નસીહત, (ખોદાએતાલાની તરફથી) જે કાંઇ વસતુ (માણસને) મલી હોએ,
તેહને લાએક થવા સારૂ તે સાહેબનો માણસે આભાર માંનવાની તથા
યજદાંની તરફથી બીજી નેકી મલવા સારૂ દાદાર અહુરમજદ, અમેશાસ્પંદો
અને બીજા મીનો યજદોની યજશને, સ્તુતી અને પ્રસ્તેશ કરવાની કરી હતી.
તેની સાંહાંમણે અન્ધકાર, જાદુગર પાપી અફ્તે, યજદોની દુશમની કરવા
અને દેવોને ચાહવા સારૂ, યજદોની આરાધનાને છોડી દેવા અને ઘણી
એક તરેહની દેવપ્રસ્તી કરવા સારૂ (લોકોને) કહીઉં હતું.

(૧૧V) મજદીઅસની દીનના ઈનસાફ વીશે અશો દાયુને* કરેલી ૧૦ નસીહત. ૧

જાણવું કે, અશો દાયુને (ભલી દીનનાં આદમીઓને) મજદીઅસની દીનના ઈનસાફ વીશે નીચે લખી જણાવેલી ૧૦ નસીહત કરી હતી. ૨

પેહલ્લી નસીહત દુનીઆંની અંદર વગર ઈજાવાલાં આદમીના ૩
શુધારાને સારૂ, ઈનસાફની મારફતે તેને ઈજા દેનારાં અનીતીવાલાં ઈનસાંનને તેના ગુનાહનું નીવારંણ કરવા સારૂ પાછી સજા કરવા વીશેની
કરી હતી. બીજી નસીહત (પારકાની દોલતને) પોતાની તરીકે નહી ૪
રાખવાથી ઈમાંનદાર રેહવા સારૂ, આપનારની તરફથી તેને નહી આપેલી દોલતને પોતાની પાશે નહી રાખવાની તથા તે બીજાની દોલતને તેના માલેકને પાછી આપવાની અને તે દોલતને પોતાની કરનારને તે વીશેની ઈનસાફથી ઘટતી સજા કરાવીને તેહના ગુનાહનું નીવારંણ કરવા વીશેની કરી
હતી. તરીજી નસીહત, ઈનસાફ આહનારાઓને પુરતો ઈનસાફ મલવા ૫
સારૂ, ઈનસાફ કરનારા નીઆધીસે સાચી શાખશી અને ભલી દીનને લગતી મુખ્ય દાંનાઈથી (તે વીશેનો) ચુકાદો કરવા અને લોકોને શુધારવા થકી
કરી હતી. ચોથી નસીહત હાતેમાએ, ગાથા અને દાતેનાં (લખાણની) ૬

* દાયુન—એ નાંમવાલો એક દસ્તુરાંન દસ્તુર કઆંની પાદશાહ બેહમન અસફંદીઆરના વખતમાં થાઈ ગીઓછે. પાક અવસ્તામાં અશો અહુરમજદે પેગમબંર જરતોશતને આપેલી અગમચેતીની અંદર આએ બુજોરગ દસ્તુર વીસે નીચે જણાવેઆ પરમાંણે કહીઉં હતું. જેની નોંધ અસલ દીનકર્દ કેતાબનાં સાતમાં દફતરમાં આએ રીત કરેલીછે :—

"દસ્તુરોની અંદર દાયુન વીસે દીનમાં આએ રીત કહેલું છે કે, દીનને ૧૦૦ વરસ થાસે ત્યારે દાયુન જણમસે અને જેઆરે (દીનને) ૨૦૦ વરસ થાસે તેઆરે તે ગુજરી જસે. અને તે મજદીયસની દીનના મુખ્ય દસ્તુરથી ૧૦૦ વરસમાં થાએલા જે ૧૦૦ શાગેરદો છે તેઓની મારફતે આએ પુરથવી ઉપર (દીન) ચાલુ રેહસે."

[illegible]
[illegible]
[illegible]

આએ પેહલવી લખાંણમાં આવેલો [illegible] નો એમલો અવસ્તામા [illegible] બોલની સાથે ઘણે દરજે મલતો આવેછે. અને ફરવરદીન યશતના ૧૧૬ માં ફકરામાં [illegible] અને [illegible] એવાં બે નાંમ વાલા શખસોનાં અશો ફરોહરની યાદ કરેઆમાં આવેલીછે, તે નાંમ ઉપલા ધરસ્થને મળતું આવે એવું ધારી સકાએછે.

ઉપર ઇનસાફી પાદશાહ અને ધરમગુરૂની તરફથી ચોકસી રાખવાની અને ખલકનાં લોકો તેની સચાઇ ઉપર વધારે એતકીનદાર રેહે તે સારૂ, તે પુશતકોને મોટાઇ આપૂવાની અને તેને અશો અહુરમજદની તરફથી
૭ મલેલી સહમજ તરીકે ગણવાં વીસેની કરી હતી. પાંચમી નસીહત, જે પાદશાહ હકુમતની મારફતે દુનીઆંનાં લોકોને શુધારનારો તથા મજદી અસની દીન ઉપર ઘણો વીસવાસ રાખનારો હોએ, તેને (લોકોની તરફથી)
૮ મોહટાઇ આપવા સારૂ કરી હતી. છઠી નસીહત, મજદીઅસની દીનને લગતો તરીકો આએ દુનીઆંનાં લોકોને શુખ આપનારા સબબ તરીકેછે. અને યાહુદી ધરમને લગતો તરીકો આએ દુનીઆંનાં લોકોને ખરાબ કરનારોછે. તેથી જે પાદશાહો સાચાં ફરમાંનોથી ઇનસાફ આપનારાછે, તેઓ મજદીઅસની દીનના ભલા તરીકાવાલાછે, તેઓને યાહુદીના ધરમથી દુર રેહવાની અને યજદાંને લગતી નસીહતથી તેઓની જીનદગી ગુજારવા સારૂ કરી હતી.

૯ સાતમી નસીહત એ કરી હતી કે, દીનને લગતી હકુમતવાલો હાકમ તથા પાદશાહ અહડતે દરજજેનોછે, તેથી ઇનશાફી પાદશાહઓની અંદર તેને વડા હાકમ તરીકે ગણવો. અને (રઇઅતે) તેના ઇનસાફની તાબેદારીમાં બંધાએલા રેહવું.

૧૦ આઠમી નસીહત એ કરી હતી કે, જો કબુ તે બુરી દીનવાલાઓની અંદર, કેટલાએક પાદશાહો આખેરશને લગતા અહડતે દરજેના ઇનસાફ વાલા હોએ, તેઓના ઇનસાફને કબુલ રાખવો અને તેઓને લોકોએ મજદીઅસની દીનને લગતા પાદશાહ તરીકે માનવા, તેઓની સ્તુતી કરવી–તેઓને તાએબે રેહેવું–તેઓને લગતો વીચાર આપવો અને બોલવું.

૧૧ નવમી નસીહત એ કરી હતી કે, દાદારની તરફનો ધરમ એબ આપનાર (એહુરેમન) ના તરીકાને હાંકી નાખવા અને તેને છુપી રીતે હાંણી પોહચાડવા સારૂ બનેલોછે.

૧૨ દશમી નસીહત એ કરી હતી કે, દાદારના તરીકાનાં બલે કરી, ખરાબી કરનાર (એહરેમન) ના (આએ દુનીઆંમાં) પોહચેલા સઘલા અધરમીઓને તેમજ ખુદ એહરેમનને પુરતી રીતે હાંણી પોહચાડવીછે.

(૧૧૮) ઈનસાફને આરાસ્તગી આપનારા અશો દાયુનની (નસીહતની) સાંહમણે ઈનસાફને ખરાબ કરનારા રશનેરીશ આશમોગે કરેલી ૧૦ નસીહત. ૧

ઈનસાફને આરાસ્તગી આપનારા અશો દાયુનની (ઉપલી) નસી- ૨
હતોની સાંહાંમણે, ઈનસાફને ખરાબ કરનારો રશનેરીશ* આશમોગ, જેની
શુરત કરીસાક† ના અકવાન‡ ના જેવી હતી, તે ઠગારાએ (નીચે જણા-
વેલી) દશ નશીહત કરી હતી. પેહલું—અશો દાયુને દુનીઆંમાં લોકોને ૩
વગર ઈજાએ રેહેવાનો સુધારો કરવા સારૂં, બેકાએદે ઈજા દેનારાં આદ-
મીને ઈનસાફની મારફતે પાછી ઈજા કરવાથી તેના ગુનાહનું નીવારણ
કરવાની શીખામણ દીધી હતી; તેની સાંહાંમણે નીરદોશ લોકોને ઈજા
પોહચાડવા, તથા હકુમતની મારફતે તેઓને ઘણી ઈજા કરવા સારૂ, તથા
પેલા ગેરસરેશતે ઈજા દેનારા ગુનેહગારને સંતોશ પમાડવા સારૂ રશનેરીશ
આશમોગે કહીઉં હતું. બીજું—અશો દાયુને ખલકનાં લોકોને ઈમાંન- ૪

---

* રશનેરીશ આશમોગ—એ પેગમબર જરતોશતની દીન દુનીઆંમાં ફેલાવા પછી ૪૦૦ વરસે, સીકંદર પાદશાહની પછી, ઈરાંનમાં એક દીન દુસ્મન રૂમી ધરમ-ગુરૂ તેમજ હાકમ થાઈ ગીઓછે; અને તે વીશેની અગમચેતી પેગમબર જરતોશતને દાદારે નીચે જણાવેઆ મુજબ પાક અવસ્તામાં આપેલી હતી, જે વીશેની નોંધ દીનકર્દ કેતાબમાં આએ રીત આવેલીછે:

[illegible]

"જેઆરે તારી આએ મજદીઅસ્નની દીનને ૪૦૦ વરસ થસે, ત્યારે તેમાં બુરી દીનવાલાઓથી ખરાબી થાસે, + તે વખતમાં પેલા દુખ દેનારા 'રશને-રીશ આશમોગ' થી, જેઓ ઘણા સાચા હસે + તેઓ દુખી થસે. અને અરજવાક (દસ્તુર) અને તેના બીજા તરણ સાથીઓ (સુતોસ્પાદાઓ, જરવંદાઓ અને સ્પેન્તોખ્રત્વાઓ)૧ સઘલી સ્પેનામીનીને લગતી ખલકને પોતાની તરફ એકીનદાર કરશે."

† કરીસાક—એ એક દીન દુસ્મન હાકમનું નાંમ છે.

‡ અકવાંન—એ કરીસાક નાંમના દીન દુસ્મન પાદશાહનો ધરમગુરૂ હતો.

૧ આએ દસ્તુરોનાં અશો રવાનોની યાદ ફરવરદીન યશ્તના ૧૧૫ મા ફકરાની અંદર કરેઆમાં આવેલીછે.

દાર રેહવા સારૂ, તેઓની વાજબી દોલતને પોતાની ગણવાની અને આપ-
નારની તરફથી તેને જે દોલત નહી આપેલી હોએ, તે દોલતને પોતાની
પાસે નહી રાખવાની, તથા પારકાની દોલત રાખવાથી (તે દોલત રાખ-
નારને) ઇનસાફની મારફતે સજા અને તેના પાપનું નીવારણ કરવાની
નસીહત કરી હતી; તેની સાંહાંમણે રશનેરીશ આશમોગે, અનીતીના
મારગને નીતીને લગતો મારગ કહેયો હતો તથા બીજા નીરદોશ લોકોની
દોલત તથા મતાને તેના માલેકની પાસેથી લેઇને અનીતીવાલા ગુનેહ-
૫ ગારને આપવા સારૂ કહીઉં હતું. તરીજું—અશો દાયુને, સાચા
નીઆધીસને કબુલ રાખવાજોગ શાખશીથી અને દીનની દલીલથી ચુકાદો
કરવાની (અને દુનીઆંને) સુધારવાની નસીહત કીધી હતી; તેની સાંહાં-
મણે રશનેરીશ આશમોગે દુનીઆંના લોકોમાંથી ઇનસાફી નીઆધીસને
અને કબુલ રાખવાજોગ શાખશીને ફેંકી દેવા સારૂં કહીઉં હતું.
૬ ચોથું—અશો દાયુને આ દુનીઆંના ઇનસાફને પાદશાહે અને ધરમ-
ગુરૂએ જાલવવાથી મીનોઇ દુનીઆંને લગતા ઇનસાફની સ્તુતી કરવા તથા
તે ઉપર (માણસોનો) એતેકાદ રાખવા અને તેની કીરતીને વધારવા
વીશેની નસીહત કરી હતી; તેની સાંહાંમણે રશનેરીશ આશમોગે આએ
દુનીઆંને લગતા ઇનસાફને આવતી દુનીઆંના ઇનસાફને નોકસાન
૭ કરવાને માટેનો કહેઓ હતો. પાંચમું—અશો દાયુને ઇનસાફને આએ
દુનીઆંના લોકોને સારૂ રાજની મજબુતી અને દીનની પોહશતપનાહ
તરીકે વખાંનેઓ હતો; તેની સાંહાંમણે રશનેરીશ આશમોગે, દુનીઆંનાં
લોકોને ભલાઇ નહી કરવા, અને દુનીઆંમાં નાફરમાંનો અને યાહુદી-
ઓની ખુબી અને ધરમ વધારવા, અને બુરાઇને કઉઅત આપવાના
ઇનસાફે કરી દીન અને હકુમતને નોકસાન કરવા સારૂ કહીઉં હતું.
૮ છઠું—અશો દાયુને દુનીઆંને સુખ આપનારા ઇનસાફને વખાંણવા,
તથા ખલકના ઇનસાફી પાદશાહને આહવા અને દુનીઆંને (ઇનસાફથી)
ચલાવવાની, તથા દુનીઆંને ખરાબ અવસ્થામાં લાવનારા અને ઇનસા-
ફને ધીકારનારા અને દુનીઆંના લોકોની બુરી અવસ્થા કરનારા પાદ-
શાહઓથી દુર રેહવાની, નસીહત કરી હતી; તેહની સાંહાંમણે રશને-
રીશ આશમોગે દુનીઆંની ખરાબ અવસ્થા બનાવનારા ઇનસાફને
વખાંણવા, અને તેવા ઇનસાફવાલા પાદશાહઓને આહવા, તથા (તેવા
ઇનસાફથી) દુનીઆંને ચલાવવા, અને દુનીઆંને સુખ આપનારા ઇન-

સાફને ધીક્કારવા અને ઇનસાફી પાદશાહથી દુર રેહવા તથા દુનીઆંમાંથી (તેવા પાદશાહોને) તોડી પાડવા અને (તેઓને) વગર તેજના કરવા સારૂ કહીઉં હતું.

સાતમું—અશો જ્યુને ઇનસાફી પાદશાહોને (ખલકના લોકોએ) પોતાંની ઉપર અહડુતે દરજેના હાકમ તરીકે ગણવાની અને પોતાને (તેઓના) ઇનસાફના તાબેદાર બંદા તરીકે રાખવાની, નસીહત કરી હતી. તેની સાંહાંમણે રશનેરીશ આશમોગે (દુનીઆંનાં લોકોને) કહીઉં હતું કે, પાપથી આએ દુનીઆંનો શુધારોછે, તેથી દુનીઆંને શુધારનારો પાપી પાદશાહ છે. ૮

આઠમું—અશો દાયુને જેકાંઇ બુરી દીનવાલા (પાદશાહો) ની તરફથી આખેરસને લગતા તેઓના કેટલાએક ચુકાદાઓને ઇનસાફ તરીકે માંનવા તથા લોકોએ તે ઉપર કાએમ રેહવા, અને તેને મજદીઅસની દીનવાલાઓએ કબુલ કરવા, અને તેની વખાંણ કરવા સારૂ, નસીહત કરી હતી. તેની સાંહમણે રશનેરીશ આશમોગે, દીનને લગતો જે ઇનસાફ આએ દુનીઆંના લોકોને શુધારનારોછે, તે દીનને લગતા ઇનશાફને દાદારની તથા હયાતીને લગતી દીનની ઇચ્છાની વીરૂધનો કહેઓ હતો. ૯

નવમું—અશો દાયુને હાંણી પોહચાડનારા એહરેમનને લગતાં મુખ્ય કાંમો ચોરી–અપકીરતી–અને અનીતીને કંગાલ કહેઆં હતાં. તેની સાંહાંમણે રશનેરીશ આશમોગે, તે આશમોગ પોતે હાંણી પોહચાડનારા એહરેમનને લગતો હોવાને લીધે, તે તરીકાને આએ દુનીઆંનાં લોકોને શુધારનાર તરીકે જણાવેઓ હતો. ૧૦

દશમું—અશો દાયુંને સેવટને લગતા (યાને કીઆમતના) ઇનસાફથી હેરેમનને લગતા સઘલા વગર તેજના કંબાજો (યાને દેવ દરૂજો) ને, અને તેમજ તે (ઇનસાફ) થી એહરેમનને પોતાને હાંણી પોંહચવા સારૂ તથા વગર તેજનો બનવા સારૂં કહીઉં હતું. તેની સાંહાંમણે રશનેરીશ આશમોગે દાદારની તરફથી દુનીઆંના લોકોને હાંણી પોંહચવા તથા તેઓનો નાસ થવા સારૂ અને સેવટે તેઓનો પુરતી રીતનો નાસ થવા અને નેસ્તીની અંદર પોંહચવા સારૂ કહીઉં હતું. ૧૧

૧ (૧૧) નેકીથી પરવરશ પાંમેલા આદરબાદ મારારપંદે અને બીજા અશો જરતોશતની દીનના પેશવાઓએ ભલી દીનની રાહુમજ ઉપરથી કરેલી દશ નસીહત.

૨ જાંણવું કે, નેકીથી પરવરશ પાંમેલા આદરબાદ મારાસ્પંદે અને અશો જરતોશતની દીનના બીજા પેશવાઓએ, દીનને લગતી આએ પરમાંણેની (યાને નીચે લખી જણાવેલી) દશ નસીહત કરી હતી.

૩ (પેહેલ્લી નસીહત)—તમો દીલની અંદર બુરૂ વેર રાખતામા, કે તમારી ઉપર જાળમ શતરૂ ફાવે નહી.

૪ (બીજી નસીહત)—લોભથી દોલત મેળવતામાં, કે તમોને મુફલેસીનો વખત જલદીથી નહી આવે.

૫ (તરીજી નસીહત) ભલા (લોકો) ની મેહમાનદારી કરજો, કે આવતી મીનોઇ જેહાંનમાં તમોને ભલાં (આદમીઓ) તરીકે કબુલ રાખે.

૬ (ચોથી નસીહત)—બુનીઆદમ ઓરત કરજો, કે તમારી ઓલાદ ઘણી સચાઇવાલી રેહ.

૭ (પાંચમી નસીહત)—વાદી અને પ્રતીવાદીનો ઇનસાફ સાચો કરજો, કે (મેહરદાવરના) ઇનસાફને વખતે તમો છુટકારો મેળવનારા થાઓ.

૮ (છઠી નસીહત)—ગાવો તથા ગોસપંદોને ગેરસરેશતે કાપવાથી દુર રેહજો; કેમકે તેથી (યાને ગાવંગોસ્પંદોને ગેરસરેશતે કાપવાથી) તમોને (આવતી દુનીઆંના) ઇનસાફને વખતે દુઃખ થસે. આએ દુનીઆંને તમો ઓલાદને વધારવાનું મકાંન તરીકે ગણજો; કારંણ કે (અતરે) લાંમબી મુદતવેર રેહવાનું નથી.

૯ (સાતમી નસીહત)—આએ દુનીઆંની દોલતને તમો ખોદાએતાલા (ની મરજી મુજબનાં કાંમ) ને સારૂં વાપરજો. અને ખોદાએતાલા (ની મરજી મુજબ) નાં કાંમ કરજો, અને ખોદાએતાલા વીસે તમો બેશક રેહજો કે, તે તમારી સાથે એ પ્રકારનો સંબંધ રાખસે કે, ગોયા તમો તમારાં તન અને રવાંનની મારફતે (યાને બંધે જેહાંનમાં) ઓતમ (દરજાવાલા) બનસો.

૧૦ (આઠમી નસીહત)—આવતી દુનીઆંને લગતી તમારી દોલતને (યાને સવાબને), તમો પોતે મેળવજો. કારંણ કે જે કાંઇ (સવાબનું કાંમ) તમો તમારી જાતે કરશો તો, તેથી તમો સઘલી દુનીઆંનાં નેક કાંમોમાં હમશરીક થસો.

(નવમી નસીહત)—તમારી જાતની અંદર યજદોનું રેહઠાંણુ કરજો. ૧૧
કેમકે જો તમો તમારી જાતની અંદર યજદોનું રેહઠાંણુ કરસો તો, તેથી તમો સઘલી દુનીઆંને તમારી કરસો.

(દશમી નસીહત)—તમારી જાતને ભલા તરીકાથી સુધારજો, કે તમો ૧૨
સઘલી દુનીઆંમાં સુધરેલા ગણાસો.

(૧૦૦) દરૂજની જાતવાલા માંનીએ, નેકીનો શીનગાર આપનારા ૧
આદરબાદ મારેસ્પંદની નસીહતની સાંહાંમણે કરેલી દશ નસીહત.

પેહેલ્લું—અશોઇને જેબ આપનારા આદરબાદ મારાસ્પંદે, (માંણસોને) ૨
ઉલટી રીતનું વેર દીલમાં નહી રાખવાની નસીહત કરી હતી; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ કીનો અને બીજા દુરગુણોને (માણસને) પોતાની અંદર પસંદ કરવાની નસીહત કરી હતી.

બીજું—અશોઇને જેબ આપનાર આદરબાદ મારાસ્પંદે લોભથી ૩
(માલમતાનો) જખીરો કરવાની (આંદમીઓને) મનાઇ કરી હતી; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ લોભથી માલમતા મેળવવા સારૂં તથા અનઘટતી રીતે દુનીઆંનાં આદમીઓએ એકઠું કરેલું ખાવા અને રાખવા સારૂં અને (લોકોની મતા) ખરાબ કરવા સારૂં તથા જેઓ દેવોની ઇચ્છાથી આલમને હાંણી પોંહચાડનારા હોએ તેઓને સારૂં બુરા લોભથી એકઠું કરવા સારૂં કહીઉં હતું.

તરીજું—અશોઇને જેબ આપનારા આદરબાદે ભલા લોકોની ૪
મેહમાંનદારી (યાને સવાગતા) કરવાની નસીહત કરી હતી; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ આળસુઓની મેહમાંનદારી કરવા સારૂં કહીઉં હતું.

ચોથું—અશોઇને જેબ આપનાર આદરબાદ મારાસ્પંદે, બુનીઆ- ૫
દમ ઓરત કરવાની નસીહત કરી હતી; તેની સાંહાંમને દરૂજની જાતવાલા માંનીએ વગર બુનીઆદની ઓરત સાથે નેકાહ કરવા સારૂં તથા તેને લગતી ઠગાઇનાં કાંમને વગર પાપનું ગણવા સારૂં કહીઉં હતું.

૬ પાંચમું—અશોઈને જેબ આપનારા આદરબાદ મારાસ્પંદે, વાદી તથા પ્રતીવાદીનો ઇનસાફ સાચવટથી કરવાની નસીહત કરી હતી. તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ, ઇનસાફી નીઆખીસના ઇનસાફને દુનીઆંમાંથી વગર તેજનો કરવા સારૂં કહીઉં હતું.

૭ છઠું—અશોઈને જેબ આપનાર આદરબાદે, ગાઓ-ગોસ્પંદોને અનીતીથી કાપવાની મનાઈ સાથની નસીહત કરી હતી. તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ, દુનીઆંમાં દરએક આદમીની મતાની તથા રાખેલાં સારાં દેખાવવાલાં ગોસપંદોની ચોરી કરવા તથા આદમીનો ઘટારો કરવાનાં કાંમને નેક કાંમ તરીકે કહીઉં હતું.

૮ સાતમું—અશોઈને જેબ આપનારા આદરબાદ મારાસ્પંદે, આએ દુનીઆંને ઓલાદને સારૂં ગણવા થકી (યાને તેમાં પોતાનાં ખાંનદાંનનો સેલસેલા ચલાવવા સારૂં) નસીહત કરી હતી; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ આએ દુનીઆંમાં આદમીની ઓલાદને લગતું કાંમ કુનને લગતી બદકારીનો શોક રાખવાને લગતું (એટલે જે કુન મરજીનો ગુનાહ કરવાનું) કહીઉં હતું.

૯ આઠમું—અશોઈને જેબ આપનાર આદરબાદ મારાસ્પંદે, આએ દુનીઆંની દોલતને ખોદાએતાલાનાં કાંમમાં વાપરવા સારૂં કહીઉં હતું; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ, આએ દુનીઆંની દોલતને તે (દોલત) થી ગુનાહ કરનારને લાએકની અને ગુનેહગારને આપવાને યોગીય કેહી હતી.

૧૦ નવમું—અશોઈને જેબ આપનાર આદરબાદ મારાસ્પંદે, મીનોને લગતી દોલતને (યાને સવાબને) આતમાને સારૂં મેળવવાની નસીહત કરી હતી; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ મીનોને લગતી દોલત, પોતાની અંદર પાપનાં કાંમનો સીનગાર આપવાથી છે તથા તેથી (માંણસને) દોજખથી છુટકારો મેલવવાની સારી ઉમેદ છે, એવું કહીઉં હતું.

૧૧ દશમું—અશોઈને જેબ આપનાર આદરબાદ મારાસ્પંદે, દરૂજને (માંણસની) જાતમાંથી બાહેર કાહડવાની નસીહત કરી હતી; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ આદમીની જાતની અંદર દરૂજને (યાને દુરગુણોને) રાખવા સારૂં કહીઉં હતું.

અગીઆરમું—અશોઇને જેબ આપનાર આદરબાદ મારાસ્પંદે, ૧૨
યજદોને પોતાની (જાતની) અંદર રાખવા સારૂં નસીહત કરી હતી; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંનીએ યજદોનું રેહઠાંણ (માંણસની) જાતની અંદર નહી રેહ અને તે બંધ થાએ તે કહીઉં હતું.

બારમું—અશોઇને જેબ આપનાર આદરબાદ મારાસ્પંદે, ભલી ૧૩
દીનના તરીકાથી (માંણસે) પોતાને તથા દુનીઆંનાં લોકોને સુધારવા સારૂ નસીહત કરી હતી; તેની સાંહાંમણે દરૂજની જાતવાલા માંની* એ દુનીઆંનાં લોકો કોઇબી વખતે સુધરેલાં નહી બને, પણ હમેશાં (દોજખના) આતશની સોજશથી ઇજા પાંમે તે કહીઉં હતું.

(૧૦૧) એઆબાર રવાંનના શેહનશાહ ખસરૂ કોબાદે† ઈરાંન (શેહર) ના આગેવાંનો (યાને રયતની ઊપર હકુમત કરનારાઓ) ને, અહુરમજદની દીનનાં ફરમાંન મુજબ ચાલવા સારૂ કરેલી દશ નસીહત. ૧

પેહલું—આએ દુનીઆંના હાકમોની અંદર વધારે ચહડતે દરજેનો ૨
(હાકમ) મીનોઇ વીચાર (યાને દીનને લગતી સહમજ) આપનારો ધરમગુરૂ પોતે છે. કારણ કે તે ધરમગુરૂ, દીનદાર પાદશાહને આવતી દુનીઆંને લગતો વીચાર આપનારોછે. અને (તથી) મીનોઇ દુનીઆંના સરવેથી

---

* જુઓ માની વીસે દીનકંદ કેતાબનાં દફતર ચોથને સફે ૨૦૪ મે આપેલી નોટ.

† શેહનશાહ ખસરૂ કોબાદ—એ સાસાંની તખકાના બુજોરગ પાદશાહ નોશેરવાંન આદેલનું નાંમ છે. આએ દીનદાર પાદશેહે આપણી દીનનો ઘણો ફેલાવો કરેઓ હતો. અને કાબેલ દસ્તુરોની પાસે જરતોસ્તી ધરમને લગતાં વીદવતા ભરેલાં પુસતકો પેહલવી—પાજંદ અને ફારસી બાશામાં લખાવેઆં હતાં. અને 'મજદક' નાંમના એક ઠગારા પુરૂશે ઇરાંનનાં દેશમાં પેગમબર તરીકેનો દાવો કરેઓ હતો તેની ઠગાઇને જાહેરમાં લાવીને તેને મારી નાંખેઓ હતો. આએ દાદગર પાદશાહનાં ફરોહરની યાદ આફરીને પંજીમાં તે વખતના દસ્તુરોએ કરેલીછે તેમાં એ પાદશાહને ચહડતે દરજેના ઇનસાફી નીયાધીસો—દીનને પવીતરાઇની હાલતમાં રાખનારા ધરમી હાકમો અને હકુમતે જેબદાર બનાવનારા પાદશાહોનાં રૂહની સાથે સરખાંમણી આપીછે. તે ઉપરથી જણાએછે કે આએ દાદગર પાદશાહે જેમ રાજને પાએદાર રાખવાના ઉપાયો કરેઆ હતા, તેમજ જરતોશતી દીનને

અહડતે દરજેના હાકમ દાદાર અહુરમજદની ખાલેશ દોસ્તીનો સંબંધ (તે પાદશાહને) આપનારોછે. અને તે સાચા દોસ્તની તરફના વીચારની અસરને લીધે અહડતે દરજેના હાકમને સાચા દોસ્તો (યાને મીનો યજદો) નો સંબંધ મેલવવોછે તથા (મીનોને લગતા) સુરવેથી સરૂશ.હાકમને લગતી સંપુરંણ સહમજ, તથા બોલવા અને કરવાની તાકત, તથા બંધે જેહાંનની મદદને માટેની નેકીનું પુરતી રીતે મેલવવુંછે.

૩ બીજું—ખલકનાં લોકોએ અહુરમજદના સંબંધને સારૂ—ભલી દીનને, સારી સહમજથી બોલવા સારૂ—સાચા વીચારને, અને પસંદ કરવાજોગ ઓતમ કાંમો કરવા સારૂ—સખાવતને, અહડતે દરજેની ગણુવી.

૪ તરીજું—જેમ મજદીઅસની દીનના પેશવાઓને (યાને દશતુર મોબેદોને) રાજની તરફથી નાંનાંની ચોકસ રકમ મલેછે, તેમ તે રકમ તે ઇમાંનદાર લોકોને બનતી કુશેશથી પોહચાડવી.

૫ ચોથું—નીચ ફતવો આપનારા ઠગારાઓને પુરતી રીતે હાંણી પોહચાડવા સાથે ઇરાંનનાં શેહર મધેથી તેઓનો ઘટારો કરવો.

૬ પાંચમું—ખોદાના ખવાસની અને દરએક યજદના તરીકાની કેલવણી લેનારાઓએ, દીનને લગતાં ભણતરોની અને યજશને કરવાની સહમજ, ગીલાંન શેહરના રેહવાસી આદરબાદ મારાસપંદના શાગેરદોન લખાંણ અને ફતવાથી મેલવવી.

૭ છઠું—આતશ (ના કેબલા) ની જતન કરવા અને ભલાં પાંણીથી યોજદાઅેગરીનું કાંમ કરવા સારૂ, અશો મરદોને અહડતે દરજેના ગણુવા અને ઇરાંનનાં શેહરોમાંથી તેઓનો ઘટારો કરવો નહી.

૮ સાતમું—દીનને લગતી દાંનાઇ, અન્તકરંણના વીચારને સારા બનીવનારીછે; માટે તેનો સંપુરંણ કુશેશથી (દુનીઆંમાં) પ્રકાશ આપવો. અને

તેની અસલ ઈબારતમાં રાખ્વાના એલાજો કરેઆ હતા. જે વીસેનો અસલ પાજંદ ફેકરો ઉપલી આફ્રીનમાં નીચે જણાવેઆ મુજબ આવેલોછે.

[illegible]

[illegible]

[illegible]

"આએ બંદગીની કઉઅત એઆજાર રવાંનના ઓસરો કોબાદનાં ફરોહરને પોંહચો. અને તેની સાથે (આએ બંદગીની કઉઅત) સઘલા તેજ જેહનવાલા—ઇનસાફી નીઆધીસો તથા દીનને પવીતરાઇ આપનારા અને રાજને જેબદાર બનાવનારા મજદીઅસનાંનોનાં ફરોહરોને પોંહચો."

ઈમાંનદાર ખ્વાસના લોકોને (આવતી દુનીઆંનું) સુખ મલવા સારૂ (દીનને લગતી દાંનાઇની) કેલવણી આપવી. અને બુરી સહમજ આપનારા આશમોગોથી તેઓને આસરો આપીને સંભાલ તરે રાખવા.

આઠમું—પુરતાં પ્રમાંણીકપણાંથી યજદાંની આરધના કરનારાઓનો ૯
મરતબો ઈરાંનના દેશોમાં વધારવો. અને તે (મ કરવા) થી દેવના સંબંધને (લોકોમાંથી) તોડવો, તથા બુતખાંનાંને ભાંનવાં અને (ખોદાએતાલાની) નાં ફરમાંની કરનારા બુતપ્રસ્તોને હાંણી પોહચાડવી.

નવમું—આપણા મજહબને (દુનીઆંમાં) ચાલુ રાખવા સારૂ, અને ૧૦
શુખના વીચાર તથા કીરીઆને (દુનીઆંમાં) પાંથરી નાંખવા થકી (પોતાનાં) તન અને જાંનને ફેદા કરવો.

દસમું—તમારૂ જોર અને કઉઅત પોતાના ખેશાવંદો (યાને હમદીનો) ને મદદ કરવામાં વાપરવું. અને તમારાં પોતાનાં વેરને દુશમનથી દુર કરવું.

---

(૧૦૧) શેહરના રેહવાસીઓને લડાઈ કરવાની ઊલટ આપનારા, ૧
રવાંનને ઘણું બંદીવાંન કરનારા, અને ઈચ્છાની મારફતે આતમાને ઈજા પોહચાડનારા, તથા બુરી દીનની હકુમતવાલા ગુરગી (યાને વરૂના ખ્વાસના) પાપી સરદારે* ઈરાંન શેહરના ભલી દીનવાલાઓને હાંણી પોહચાડવા વીશેની દશ નસીહત કરી હતી.

પેહલું—તે જબાંનદરાજ, અતીશીય લોભને દીલમાં પેવસ કરેલા— ૨
અને વગર ઇજ્જતવાલી જાત તથા ખુનીઆદવાલા ગુરગી આશમોગે પોતાને ઘણો સંતોષ મલવા સારૂં ભલા ખ્વાસવાલા (બેહદીનો) ની આગલ દુનીઆની હકુમત અને દોલતને લગતી મોહટાઈને, જાહેરમાં ઢાંકી નાંખવા સારૂ જણાવીઉં હતું.

બીજું—તે ઠગારા ગુરગીએ તેની વગર ઇજ્જતવાલી જાતને સારૂ ૩
પાદશાહી પોશાક-દબદબો-ચલકાટ-તખ્ત અને તાજની મદદ માંગી હતી.

---

* આએ પાપી સરદાર, અસલ પેહલવી દીનકરદ કેતાબનાં સાતમાં દફતરની અંદર તથા શાહનામેહમાં જણાવેલા મજદકનો જાએનશીન 'ગુરગી' નામનો એક ઠગારો મજદકી દીનનો ધરમગુરૂ થાઈ ગીઓછે.

૪ તરીજું—તેણે પોતાને અહુરમજદની દીન ચાલુ કરનારાઓના પેશવાનું નામ આપવા સારૂ અને આએ દુનીઆંના સરવે લોકોના હાકમ તથા ધરમગુરૂ તરીકે તેને ગણવા સારૂ લડાઇ કરવા કહીઉં હતું. અને તેના ફરેબથી ઘણાએક નાગા અને છુટા બાલવાલા બદકીર ગુરગી લોકો પોતાને એકઠા કરીને બાહેર કાહડે તથા લુટ કરનારાં અને ઘેરો નાખનારાં લશકર તરીકે ઈરાંનનાં શેહરો ઉપર હોમલો કરે.

૫ ચોથું—(ઇરાંનનાં લોકોને) તેઓની જબાંનની મારફતે અને કાંમની મારફતે તેઓના મજહબની ઘણી અહડતે દરજેની વખાંણ કરવાથી પાછા ફેરવવા સારૂ જણાવીઉં હતું.

૬ પાંચમું—આતશને બુજાવવાની તથા તેને ઇજા અને આજાર દેવાની તથા જમીનને નજીસ રાખવાની—ગોસ્પંદોને અપ્રમાંણીક રીતે તથા બેકાએદે કાપવાની અને આદમીઓને (એકબીજાંથી) જુદાં પડે તે વીસેની તથા તેઓની સલાહ સંપજનો નાસ કરવાની, અને અહુરમજદની પેદાએશને ઘટારવાની નશીહત કરી હતી.

૭ છઠું—ઇરાંન શેહરની અંદર દીનને લગતા હાકમ તથા ધરમગુરૂની હકુમતને નબલી કરવાની સીખામણ દીધી હતી.

૮ સાતમું—ઇરાંનની (આખી) સરજમીનનાં (યાને ઇરાંનના સઘલા દેશના) રેહવાસીઓને પાપી અને ઉલટી ચાલચલણની કઉઅતવાલા બનાવવા તથા આએ સરજમીનનાં આદમીઓને ખોદાઇ દીનથી ફેરવીને દેવને લગતા સવભાવ-આદત-અને પ્રતાપવાલા કરવાની તથા તેઓને દાનાઇની દુશમની કરવાની અને બુરૂં સાંભલવાની અંદર નાંખવાની તથા તેઓને શરમ અને સચાઇ વગર કોલ તોડવાની અને બુરી આરાંધનાના એતેકાદથી આદમીઓને દુખ દેવાની તથા અંધરમઇનીઉશાની તરફથી (લોકોને) હાંણી પોંહચવા સારૂ ગોલાંમબારગી અને બીજી હલાકીનાં કાંમ (લોકોમાં) આપવાની (યાને ફેલાવવાની) ભલાંમણ કરી હતી.

૯ આઠમું—હલકે દરજેનાઓને મોહટાઇ આપવા, અને મોહટપણ વાલાઓને નીચ હાલતમાં લાવવા સારૂ કહીઉં હતું.

૧૦ નવમું—આબાદીને જનમ આપનારી સખાવતનો નાસ કરવાની તથા સંકટ આપનારાં પાપના એતેકાદથી લોકને હયાતી ગુજારવાની કેલવણી આપવા સારૂ કહીઉં હતું.

દસમું—ફાએદાવાલા લોકોને નોકસાંન કરવાની તથા વરૂ અને ૧૧
બુજી જાનવરના ખવાસવાલા લોકોની દોસ્તી કરવાની બુરી કેલવણી
આપવા સારૂ કહીઉં હતું.

અગીઆરમું—ગુનાહને મારેનાં કેદખાંનાંને અને દોજખની ૧૨
અંદરની બલવાની ધુસ્તીને નજીવું કાંમ ગણવા સારૂ કહીઉં હતું.

ખલકને અહડતે દરજેની બનાવનારે એકે (યાને શેહનશાહ નોશેર- ૧૩
વાંને) જે દશ નસીહત સારા મજહબવાલા સઘલા લોકોનું દુઃખ ટાલવા
સારૂ કરી હતી; (તેની સાહાંમણે) ખલકને હીની કરનારા (ગુરગી) એ સઘલા
ઉલટા મજહબવાલાઓને જોહાકી દશ નશીહતથી કઉઅત આપીઉં હતું.

(૨૦૩) ભલાઈ—ભલાઈનું મુલ—ભલાઈનો રેવાજ—ભલાઈની પખશવાલો—ભલાઈનો વસીલો—ભલાઈનું કારણ—અને તેને લગતા વીચારની અંદરથી જનમ લેનારી સાહમજો—અને ભલાઈને (દુનીઆંની) શરૂઆતમાં—વચ્ચે અને સેવટે ચાલુ રાખનાર વીસે;—તેમજ બુરાઈ—બુરાઈનું મુલ—બુરાઈનો રેવાજ આપનાર—બુરાઈની પખશવાલો—બુરાઈનો વસીલો—બુરાઈનું કારંણ—બુરાઈનો વીચાર અને તેમાંથી જણમ લેનારી સાહમજો—અને બુરાઈને શરૂઆતમાં—મધેયમ વખતમાં અને સેવટે ચાલુ રાખનાર (કોણ છે?) તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, ભલાઈને લગતા લોકોને ભલાઈ સ્પેનામીનોથીછે. ૨
ભલાઈનું મુલ, એ દરએક માંણસને અહડતે દરજજે પોહચાડનારો તથા ૩
તેને ફાએદો કરનારો ભલી દીનનો સંબંધછે. (દુનીઆંમાં) ભલાઈનો ૪
રેવાજ, તે ભલી દીનની દોસ્તી રાખનારથીછે; કે જેની પોતાની હયાતી
ઉલટી દાંનાઈવાલી વસ્તુને પડતી મેલીને દાહપંણથી ચાલનારાં ઇનસાંનને
લગતી હોએ. અને તેમજ તેની ઇચ્છા-કલા-કઉઅત-અને ધનવો ભલી
દીનની પખશવાલો હોય. અને તે મીનો અને ગેતીને લગતી ભલાઈને
ચાલુ રાખનાર તરીકે સઘલા લોકોમાં જાંણીતો હોએ, તથા તેની જાતથી
પેહલવા દરજાવાલી ભલાઈને ચાલુ રાખવાનાં અહડતે દરજેનાં કાંમ હોએ.

(માંણુસે) દાંનાઇને લગતું વીચારવું, એ રોશનીથી (યાને યજદી પ્રતાપથી) છે. જે (આદમી) એ આએ દુનીઆંમાં ભલી દીનને લગતી સહમજ અને વીચાર ધરાવેછે તે ઉપલા (યજદી પ્રતાપ) ને લીધેછે. જે ભલાઇની ઇચ્છાછે, તેથી (માંણુસને) ભલાઇની કઉઅત-કલા-ઉદીઓગ અને હીમતને લાએક થવુંછે. અને જેકોઇ ભલાઇની કઉઅતવાલા હોએછે, તેઓ ભલાઇની કઉઅતથી દુનીઆંમાં ભલાઇનાંજ કાંમ કરેછે.

૫ જે કોઇ આતમાને લગતી અગમબુધીવાલો અને આતમાને લગતી પછમબુધી વગરનોછે, તે ભલાઇની પખશવાલોછે. કારણ કે તે જાતે લાએક અને વખાંણ કરવાજોગ જીનદગીવાલોછે. અને આતમાને લગતી બીમારી-ખરાબ અવસ્થા-નબલાઇ-પાપ અને ખોટારૂ જે જીનદગીને નાલાએક તથા ગીબતખોર કરનારી (વસ્તુ) છે, તેથી દુર રેહનારછે.

૬ લોકોની અંદર ભલાઇનો વસીલો, (એ) દુનીઆંનાં લોકોમાં ખલકના બાપ તથા માલેક, દાદાર અહુરમજદની તરફની ભલાઇને લગતી જાતી બખ્શેશછે.

૭ ભલાઇનું કારણ, તે ભલાઇને લગતી યોગીય ઇચ્છાવાલાની તરફથી ખલકના લોકોને ફાએદો પોંહચાડવાનું અને તેહને લગતા લોકોને ભલા બનાવવાનું છે.

૮ ભલાઇને લગતો પ્રમાણીક વીચાર-એ તેને સારૂ જણમ લેનારો મજહબછે. અને તેમાંથી જણમ લેનારી વસ્તુઓ અકલ-સારો સવભાવ-શરમ-માયા-સખાવત-સચાઇ-નીમખહલાલી અને બીજા સારા ગુણોછે. જેને લીધે સઘલા અમેશાસ્પંદો અને બીજા મીનોને લગતા યજદો પોતે, તેથી આદમીની જીનદગીને સલાંમત રાખનારા, અને આબાદી-હકુમત-દીનને લગતી દાનાઇ-સવાબને લગતી પવીતરાઇ અને આએ દુનીઆંની ભલી પેદાએશને લગતી દરએક નેકીથી (આદમીને) શુધારનારાછે.

૯ શરૂઆતમાં ભલાઇને ચાલુ કરનાર, જે ખલકને પેદા કરનારો અને તેને ચલાવનારો (દાદાર) છે તેછે. અને મધયમ વખતની અંદર તે સાહેબ ખલકને (પેગમબરના) સંબંધની મારફતે શુધારનાર તથા બુરાઇને તોડનારછે. અને તે (દાદાર) સેવટે એબ આપનાર એહરેમનને પુરતી રીતે હાંણી પોંહચાડનાર તથા સઘલી પેદાએશને ખાલેસી-હમેશાની નેકી અને ચલકાટ સાથનું છુટાપણું આપનારછે.

૧૦ બુરાઇને લગતા લોકો બુરી સહમજવાલા ઘનામીનોની જાતથીછે.

૧૧ બુરાઇનું મુલ—તે બુરાઇનો સંબંધ ધરાવનારી (ઘનામીનોની) જાતછે, કે

જે દરએક આદમીને વધારે નોકસાંનની અંદર પોંહચાડનારછે. (દુની- ૧૨
આંમાં) બુરાઈને ચાલુ રાખવી, (એ) પેલા બુરા અંગ્રમઈનીઉશનું જુઠું
કેહવું-ગુમરાહી સાથનો વીચાર અને ખોટી રીતે કોલ તોડવો ઇત્યાદી
બદીને (દુનીઆંમાં) નાંખવાથીછે. અને તેમજ તે (બુરાઈની) પખશવાલાં
(આદમી) ની ઇચ્છા-સકતી-ધનધો-હીકમત અને વીચારનું જાહેર થવું,
જે બુરાં કાંમ કરનારા લોકો પોતાને બુરાં કાંમ કરવામાં રાખેછે,
તેથી છે. જેઓ તે બુરા (અંગ્રમઈનીઉશ) ને માટેની ગુમરાહી તથા કોલ
તોડવાની સહુમજ તથા વીચાર (આદમીઓને) આપેછે, તેઓની જે
ઇચ્છાછે, તે પેલા બુરા (અંગ્રમઈનીઉશ)ને લાએકની કઉઅત-હાંણી પોંહ-
ચાડવાનો ધનધો-હીકમત-તમીજ અને વીચારને લગતીછે. અને જેઓ
આએ દુનીઆંમાં બુરાઈનાં કાંમો કરેછે તે ઉપલી સકતીઓને લીધેછે.

જે બુરાઈની પખશવાલોછે, તે પોતાને વાસતેની દુરઅંદેશી વગર- ૧૩
નોછે. તેથી તેનું સેવટ, નોકસાંન વગરનું નહી કાંએ હોએ ? (યાને
આખેરશ તેને દોજખની સજા ભોગવવીજ જોઈએછે.) અને તેથી તે
(માણુસ) પોતે નાલાએક અને ધીકારવા જોગછે. અને દોજખની બુરી
સજાને લગતી બીમારી-ખરાબ અવસ્થા-નાતવાની-કંગાલીઅત અને દુખ
વગરની જીનદગીએ માણુસ સ્તુતી કરવાને લાએકનુંછે.

આએ દુનીઆંમાં અને મીનોઇ જેહાંનમાં બુરાઈનો વસીલો, ૧૪
સઘલી બદીનું મુલ અને પેદાએશને એબ આપનારો અંગ્રમઈનીઉશછે.

બુરાઈને આએ દુનીઆંના લોકોમાં પોહચવાનું કારંણ, પેલા એબ ૧૫
આપનારા (અંગ્રમઈનીઉશ) ની હલાક કરવાને લગતી ઇચ્છાછે. (જે ઇચ્છા)
તે પાપી (અંગ્રમઈનીઉશ) એ સ્પેનામીનોની પેદાએશને નોકસાંન કરવા
તથા એબીઅલ બનાવવા સારૂ રાંખેલીછે.. અને (તે ઇચ્છા) જેઓ દરએક
હલાકીને સારૂ તે બુરાઈનાં મુલ તથા વસીલાને લગતાછે, તેઓને સારૂછે.

બુરાઈના વીચારવાલા 'ફ્રેહીબુત'અને 'અઇબીબુત'* છે. બુરાઈનું ૧૬
બચ્ચું અનીતીછે. અને લોભ-ગોસસો-વેર-અદેખાઇ-જુઠું બોલવું-પાપ-
બખીલી-નીમખહરાંમી અને બીજી એબો અનીતીના વીચારોમાંથી જણમ
લેનારછે. અને તેને લીધે દેવદરૂજો બુરી હકુમત કરનારાછે. અને
તેથી આદમીઓને ઠગાઇ-(રવાનની) બીમારી-કંગાલીઅત-બુરી બુધી-

---

* જુઓ 'ફ્રેહબુત' તથા 'અઇબીબુત' ને લગતો ખોલાસો, આએ
કેતાબનાં દફતર પેહલાનિ સફે ૩૮ મેની નોટની અંદર.

ગુનાહ—અને ખોટારાંને લગતી કેલવણીનું આપવું તથા આએ દુનીઆંની બીજી સઘલી પેદાએશને હલાકી અને નોકસાંન પોહચવુંછે.

૧૭ બુરાઇનું ચલણ—પેહલલાં ખલકને ખરાબ કરનાર (એહરેમન) થીછે. મધ્યમ વખતમાં (બુરાઇનું ચલણ) લડાઇ અને ફીતનો કરનાર (એહરેમનના) મલતા વીશેકોથી હતું. અને શેવટને વખતેં ભલા સ્પેનામીનોની આગમબુધીથી (દુનીઆંમાં) ભલાઇની કદીઅતને ચાલુ કરવાથી (એહરેમનની બુરાઇનું દુનીઆંમાંથી) ટલવુંછે.

૧૮ જે ધરમગુરૂઓ અસલ એકને (યાને દાદારને) લગતાછે, તેઓનો મજહબ સ્પેનામીનોનાં મુલને (યાને અશો અહુરમજદને) લગતો ભલો અને વખાંણવાજોગ કેહવાએછે. અને બુરા ધનામીનોને લગતા મજહબનો (તેમાં) ધીકાર કરેલોછે.

---

૧ (૧૦૯) **અવસ્તા અને તેની શરેહનો સંબંધ ધરાવનારા (એટલે જે તેની સહમજ મેલવનારા) ઓ વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

---

૨ જાંણવું કે, યજદો ખોદાએતાલાની દાંનાંઇને લગતી ગેબી સહમજ તે સાહેબની સાથે પુછપરછ કરવાથી મેલવનારાછે. અને તે ખોદાતાલાની તરફનાં ગણેઆંણને તેઓ આદમીઓની વાકેફકારીને સારૂ ખોદાના પેગાંમ તરીકે તેઓને આપનારાછે. તેથી બેહદ આદમીઓની અંદર, જે કાંઇ યજદોની તરફથી ખોદાએતાલાનો પેગાંમ સારા ખવાસવાલી (યાને દીનદાર) જાતવાલાં આદમીને એક બીજા સાથના બુલંદ આવાજે પોહચાડેઆમાં આવેલોછે. અવસ્તાને લગતો સંબંધ ધરાવનારા (યાને તેની સહમજ મેલવનારાં) ઓમાં; એક સારા ખવાસવાલું આદમી યજદોની સાથે બુલંદ આવાજે મજ્દીઅસની દીનને લગતી વાત કરવાથી તેને લગતા ખોલાસાની સહમજ મેલવનારૂછે. બીજું—જેઓ તે (અવસ્તા) ની અંદરના દરએક બોલના ખોલાસાને સહમજનારાછે, તેઓ જુદા જુદા વાકયઓની વચ્ચે શરેહ કરવાથી ખોલાસાવાર જાંણવા માંગનારાઓને (તેનુ) ગણેઆંન આપનારાછે.

---

(૧૦૦) (આદમીની અંદર) મજદીઅસની દીનને લગતો કેટલો સંબંધછે? અને કેટલો સંબંધ નથી? તે વીસેનાં પ્રમાંણની શહમજ મલવા વીસે 'ભલી'દીનને લગતો ખોલાંસો. ૧

જાંણવું કે, મજદીઅસની દીનનો સંબંધ ધરાવનારા તથા તેને ૨
ચાહનારા ઘણા લોકો, નીચે જણાવેઆ પ્રમાંણેનાછે. અને (એ દીનને
લગતી) દોસ્તીનું જાણવું બે તરેહના વીચારથીછે.

કોઈ (આદમી) મજદીઅસની દીનની દોસ્તીનો વીચાર બતલાવ- ૩
નારૂ હોએછે, તે દેવપ્રસ્તીનો સંબંધ ધરાવનારૂ નથી. કોઈ (આદમી) ૪
યજદાંપ્રસ્તી તથા દેવપ્રસ્તી (એ બેહુ) ની દોસ્તીનો વીચાર રાખનારૂ
હોએછે. પણ (તેમાં) યજદાંપ્રસ્તીનો સંબંધ વધારે બતલાવનારૂ અને
દેવપ્રસ્તીનો સંબંધ ઓછો બતલાવનારૂં હોએછે. વલી કોઈ (આદમી) ૫
દેવપ્રસ્તી તેમજ યજદાંપ્રસ્તી (એ બેહુ) ને વાસ્તેની દોસ્તીનો વીચાર
રાખનારૂ હોએછે, પણ (તેમાં) દેવપ્રસ્તીનો સંબંધ વધારે બતલાવનારૂ અને
યજદાંપ્રસ્તીનો સંબંધ ઓછો બતલાવનારૂ હોએછે. વલી કોઈ (આદમી) ૬
દેવપ્રસ્તીની દોસ્તીનો વીચાર બતલાવનારૂ હોએછે, તેમાં સઘલો સંબંધ
દેવપ્રસ્તીને લગતો બતલાવનારૂ હોએછે, અને યજદાંપ્રસ્તીને લગતો સંબંધ
નહી બતલાવનારૂ હોએછે.

આએ (ઉપર જણાવેલી) રીતે મજદયસની દીનવાલાં આદમીને ૭
પીછાંણવું. અને વખતને લગતી સહમજથી પોતાને ચલાવનારાઓમાંના
દરએક શખ્શનો ચહડતો દરજજો ખાલેસ (દીનને લગતા) સંબંધથી
મુકરર કરવો.

(૧૦૧) અહુરમજદ જાતે હયાતીવાલોછે, અને મીનોં તથા ગેતીને લગતી પેદાએશને તેહનીથી પેદા થવુંછે. અને બીજો (અંધ્રમઈનીઓશ) તેનીથી જુદોછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, અહુરમજદ પોતે ગેબી વરધીનો કરનાર, અને સઘળી ૨
ભલાઇની અને રોશનીની કઉઅતવાળોછે. તે જાતે ખાલેસ છે. અને જાતે

સઘલી મીનો અને ગેતીને લગતી ભલી પેદાએશને જણુમ આપનારોછે. અને તે (સાહેબ) ગેબી આતમાની અંદર બેહુ (દુનીઆં) ને જોવાની તથા બેહુ (દુનીઆં) નું કામ કરવાની શકતી આપનારોછે. તેથી જે કોઇ ભલી વસ્તુવાળો (યાને સારૂં કામ કરનારો) છે, તે હંમેશગીના મીનો તથા અંધકારમીનો વીશેનો (યાને સ્પન્તો મઇનીઉશ્ અને અંગ્રમઇનીઉશનો) વીચાર કરેછે, (એટલે જે તેઓને લગતી સહમજ રાખેછે.) તે સાહેબ

૩ આએ દુનીઆંમાં (આદમીને) (ભલી અને બુરી) એ બેહુ વસ્તુને (યાને ભલાં તથા બુરાં કામને) સહમજવા અને કરવા સારૂ આતમાને બખ્શનારોછે. તેથી આએ દુનીઆંના સઘળા ભલા તથા બુરા લોકોમાં જે ભલી ચીજને લગતો છે, તે ભલા માલેકને લગતો છે. અને જે બુરો છે, તે અંધકારને

૪ લગતો છે. તે (સાહેબ) સઘળાં (આદમી) ઓને આએ દુનીઆંમાં બેહુ (દુનીઆં) ને લગતી સહમજ તથા બેહુ (દુનીઆં) ને લગતું કામ કરવાનું તેજ, મીનોઇ શકતીઓની મારફતે બખ્શનારોછે. હમેશાં ભલી વસ્તુ મીનોની (યાને યજદીશકતીની) મારફતે છે. અને આએ દુનીઆંના લોકો જે ખુબીવન્તા છે, તે મીનોની (યાને યજદી) શકતીથી છે. આએ દુની-આંના લોકો મીનોને લગતી જાતવાળા, તેઓની અંદર પેદાના કરનાર અહુરમજદને લગતા સ્પેનામીનોનો લાએક સંબંધ હોવાથી તથા બીજા યજદોનો ખાલેસ સંબંધ હોવાથી છે. આએ દુનીઆંનાં માણસને બીજા ઉલટી ચાલવાળા (અંગ્રમઇનીઉશ) ની જાતનું (યાને તેના સંબંધ વાલું) જણાવું, એ તેની અંદર ઉલટો પ્રતાપ આપનારા (અંગ્રમઇનીઉશ) ના હંમેશના ઉલટા પ્રતાપથી છે. અને આદમીને સારૂ તે પ્રતાપ આપનારી (અંગ્રમઇનીઉશની) જાત અપવીતર છે. દરએક પ્રતાપ આપનારાઓએ (યાને સ્પંન્તોમઇનીઉશ તથા અંગ્રમઇનીઉશે) પોતાની તરફનો પ્રતાપ આપવો, એ માણસને પોતાની માફકનું બનાવવા સારૂં છે; (કેમકે જો) તે પ્રતાપ બખ્શવો અહુરમજદથી હોયચ તો તે માણસને તે પોતાના પાકીજે સંબંધને લાએકનું કરેછે. અને જે પેદાએશ પોતે હાંણી પોંહચાડનારા અંગ્રમઇનીઉશ-દેવ-દરૂજ અને બીજા તેને લગતા દુખકારકોના સંબંધ વાલી હોએચ તો તેનું જણાવું તેઓની તરફના પ્રતાપી આપથી છે.

૫ જે ધરમગુરૂઓનો મજહબ નેક પ્રમાંણ વગરનો બુરો હોએ તો, તેઓના તે મજહબને અંગ્રમઇનીઉશના તરીકાની માફકનો ગણવો, અને તે મજહબને સ્પેનામીનોને લગતો કહેવો નહી.

(૧૦૪) દરએક ઊલટી વસ્તુ, લાએક વસ્તુની સાથે મેળવવા જોગ નથી, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, દરએક ઉલટી વસ્તુથી લાએક વસ્તુની સાથે મલી સકાતું નથી. (કારણ કે) એક વસ્તુ પોતે તેના પેદા કરનારને લાએકની થવા સારૂ મહડતે દરજેનું કાંમ કરનાર તરીકેછે. અને બીજી વસ્તુ પેલા હાંણી પોહચાડનાર (એહરેમન) ની તરફથી દરએક ચીજને નોકસાંન કરનાર તરીકેછે. એક અગમ બુધીવાલા (દાદાર) ને લગતીછે. અને બીજી બેકરારીવાલા (અંગ્રમઇનીઉશ) ને લગતીછે. તેથી તે વસ્તુ એક રીતનો સંબંધ ધરાવનારી કેમ હોંએ ? (કારંણ કે તે) દરએક (વસ્તુ) ને સારૂ તેના દરએક ઉપરીની મારફતે ખલકના લોકોને માટેની દાંનાઇ તેમજ બુરી બુધી; સાચવટ અને ખોટારૂ; શબીઅતા અને તુછકાર; સખાવત અને કંગાલીઅત; બરદાશત તેમજ બેરેહેમી; રોશની અને અંધારૂં; અને બીજી તેવીજ વસ્તુઓ છે. એમાં જે એક દાંનાઇવાલો અને શુનદર છે, તે વખાંણવાજોગ છે. અને જે એક બુરી બુધીવાલો અને બદશેકલ છે, તે ધીકારવાજોગ છે. તેથી જો આદમી પેલા ઉલટી ચાલચલંણવાલા એકના સંબંધવાલું (યાને એહરેમનનું સાથી) જણએતો, તે આદમીની અંદર તે (અંગ્રમઇનીઉશ) ની વસ્તુને ભેલાવાથી તેની સાથે તેને એક મલતા એરાદાવાલું બનવુંછે. અને તે (આદમી) પેલા એક ગણીઆંણી (પેદા કરનાર) ની તરફ મુતલક જોનારૂં નથી. અને તે એક દાંનાઇવાલા ખોદાએતાલાની દાંનાઇ વગર તે (આદમી) પોતાની એબોને તથા તેની ધીકારવા જોગ બદશુરતીને જાતે જોઇ સકનારૂં નથી. અને તેથી તેને સઘલા શુંદર અને સ્તુતી કરવાજોગ લોકોને લાએકતું થાવું નથી. તેઆરે એક દાંનાઇથી જોનારો (શખ્સ) એક ઉલટી વસ્તુને લાએક વસ્તુની સાથે કેમ મેલવી સકે ? ૨

વલી (એક ઝાડને) રોપવાનું તથા તેને સાફશુફ કરવાનું કાંમ એક બીજાથી ઉલટું નથી, પણ એક બીજાને મલતુંછે. બલકે (તે કાંમો) એક બીજાનો શુધારો કરનારાંછે. કારંણ કે પેલાં રોપાએલાં (ઝાડ) ને કાપકુપ કરીને સાફ કરવાથી તેને લાએક બનવુંછે. તેથી (ઝાડને) કાપકુપ કરીને સાફ કરવું એ તેને પુરતી રીતે લાએક બનાવવા સારૂછે. ત્યારે મોતને ૩

જીનદગીનું કારણ કેહવું, એ સબબથી છે કે તે (માણસ) ને લાએક બનવા વીશેની જીનદગી, મોતને લીધેછે. અને મોત, એ જીનદગીને (સારાં કાંમથી) સંપુરંણ કરવા સારૂછે.

૪ જે ધરમગુરૂઓ તેના પેદા કરનાર (દાદાર) નો સંબંધ ધરાવનારાછે, તેઓ પેલા હાંણી પોહચાડનારા (એહરેમન) તથા બીજા ઉલટી ચાલ-ચલણવાલાઓની સાથે મલતા કેમ થાઇ સકે ? કારંણ કે એક દાંનાઇ ભરેલી નજરવાલો, વગર તરીકાંવાલાને મલતો નહી થાએ. જેઓનો મજહબ તે દાદારની દાંનાઇવાલોછે, તે ચહડતે દરજેનો ધરમ, પેલા હાંણી પોંહચાડનારા (અંગ્રમઇનીઉશ) ની બુરી દાંનાઇવાલો કેમ હોય ? સબબ કે સાચવટ વાલો સ્તુતી કરવા જોગછે. અને ખોટારાંવાલો તીરસકાર કરવાને માટેનોછે. તેમજ (જે આદમી) સખીઅતાવાલું હોએ તે વખાંણવા જોગછે. અને તુછ-કાર કરનારૂ હોએ તે ધીકારવા જોગછે. વલી સખી (માણસ) વખાણવા જોગછે. અને બખીલ ધીકારવા જોગછે. તેમજ (જે આદમી) રોશનીવાલું (યાને યજદોના સંબંધ સાથનુ) છે, તે સુંદર દેખાવતું હોએછે. અને (જે) નારીકીવાલું (યાને દેવોના સંબંધ સાથનું) હોયચ, તે બુરા દેખાવવાલું કેહ-

૫ વાએછે. વલી આસમાંન અને જમીન એ દાદારને લગતી વસ્તુ છે, તે એક-બીજાથી ઉલટી નથી ; પણ તે બેહુ ચીજો સ્તુતી કરવા જોગ છે. તેજપરમાણે સુરજ-ચંદર અને સેતારાઓ ; અને તેમજ પાંણી અને જાડપાંણ ; અને તેજ પરમાણે આદમી અને ગોસ્પંદ ; અને તેમજ દીન અને હકુમત ; અને તેજ પરમાણે હોશ-તરકશકતી અને અકલ ; તેમજ આતમા અને બદન ; તેમજ મરક્ષત અને માયા ; અને તેજ પરમાણે વફાદારી અને યકીનદારી અને (બીજી) ઘણીએક ચીજો એક બીજાથી જુદી છે, પણ તે સઘલી ફાએદાકારક અને વખાંણવા જોગ છે.

---

૧ (૧૦૮) અહુરમજદની અકલ-ઈચ્છા-કાંમ અને વખત વીશે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, અહુરમજદ (પોતાની) હરવેસ્પ આગાહીવાલી અકલની મારફતે, હદવાલા વખતને માટેનાં કામની દરએક ધારણાવાલી ઇચ્છા પાર પાડેછે. હદવાલા વખતને માટેનાં કાંમનું પુરં થવું (દુનીઆંની) શરૂ-

આતથી છેક સેવટે છે. (હદવાલા વખતને મારેનું) કામ પુરૂં કરવાએ, શેવટને વખતે (આદમીને) સુખવાલા વખતની શરૂઆતને સારૂ પાછું યોગીય બનવુંછે. અને ત્યારપછી હમેશગીના વખ્તનું શરૂ થવું—શેવટનો શુધારો-દરૂજનો ઘટારો-ગુજરેલાંનું ઉઠવું-સેવટની કાયાનું મેળવવું અને ખલકનાં લોકોનો દોજખથી છુટકારો થવોછે. અને તેથી (લોકોને) હમેશગી—ખોરેહ અને ફેરફાર થયા વગરની અકલ-ઇચ્છા-કાંમ અને વખતથી રેહવુંછે. અને (તે વખતે) આદમીની તરફથી જે ઇચ્છા ઉપર ધેઆંન આપવુંછે, તે ધેઆંણ વાજબી રીતનું છે. અને તે (વખત) માં સેવટનો શુધારો ચાલુ રાખવા સારૂ દરએક પેદાએશને મજદીઅસની દીનની દાંનાઇના સંબંધથી ચલાવવુંછે. અને (તે વખતમાં) દરએક નેક આતમાવાલી પેદાએશને મજદીઅસની દીનને લગતો અહડતો દરજજો મેલવવોછે, કે જેથી તે (પેદાએશ) ફરશકન્ત (યાને શેવટના શુધારા) ને ઘણીજ મલતી થાએ. અને આદમીઓની ઇચ્છા તથા (તેઓનું) કાંમ મજદીઅસની દીનનાં ફરમાંનને લગતું રેહ. અને દરએક (આદમીને) અશો અહુરમજદની તરફનો સેવટનો ફાએદો મલે. અને જે કોઇ આએ દુનીઆંમાં ઘાત (પોહચાડવા) ની કુશેશ કરનારો હોએ, તે નોકસાંનની અંદરરેહ. તે (હમેશગીના વખત) માં જે નાફરમાનો (યાને દેવ લોકો) હમેશની હલાકીવાલાછે, તેઓ સેવટે નોકસાંન પાંમેલા થશે અને આએ દુનીઆંનાં લોકોમાં જેકોઇ ઘાતકી (અંગ્રમઇનીઉશ) થી ઠગાએલા હશે તેઓ અહુરમજદથી ફાએદાને લાએકના થશે. એ ઉપરથી સાબેત થાએછે કે અહુરમજદની અકલ-ઇચ્છા અને ધારણા સઘળી પેદાએશને ફાએદો કરનારી અને વગર ફેરફારને લાએકની છે.*

જે ધરમગુરૂઓ હંમેશાં (પોતાનાં) બાશાંણની મારફતે ખોદાએતાલાની ઇચ્છાને (લોકોની અંદરથી) ફેરવનારાછે, તે આએ દુનીઆંના ૩
બાષાંણ આપનારા ધરમગુરૂઓ ખરેખર આદમીઓથી દોજખને ભરનારાછે.

---

* અહુરમજદ યશતના ૨૬ મા ફકરામાં અશો અહુરમજદે પેગમબર જરતોશતને આએ પરમાણે કહેલું છે કે:—

'ઓ અશો જરતોશત! માહરી અકલ અને દાહપણ એ બેહુની મારફતે આએ દુનીઆંની શરૂઆત કેમ થાઈ અને આએ દુનીઆંનો છેડો કેહવી રીતે આવશે તે તું જાંણેછે.'

[illegible]

[illegible]

તે ધરમગુરૂઓને લગતી દીનને જેઓ ખોદાઇ મજહબ તરીકે ગણેછે તેઓ વગર હયાતીની ઇચ્છાવાલા અને દેવનો વધારો કરનારા લોકો છે. જેથી તે (આદમીઓને) હલાક કરનારા ધરમગુરૂની જાત આએ દુનીઆંમાં અંધ્રમઇનીઉશના વસીલા તરીકેની છે.

૧ ## (૨૦૧) આદમી (તેના) અસલ વડવાનું ભાગીદાર (યાને ખવાસ તથા ચાલચલણમાં એકમલતું) છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, આદમી (ખવાસ અને ચાલચલણમાં પોતાના) અસલ વડીઅલનું ભાગીદાર (યાને તેઓને એક મલતુ) છે. અને તે બે તરેહથી છે. એક આતમાને લગતું, અને બીજું આતમા તથા બદનને લગતું.

૩ જે (આદમી) આતમાને લગતું છે, તે હયાતી આપનાર (ખોદાએતાલા) ની પખ્શવાલું છે, અને તેનીથી ફરનારૂં નથી.

૪ (બીજું) બદન અને આતમાને લગતું (ઇનસાંન) છે તે જેમ તેને કાંમોની તરફ ફરવું જોઇએ તેમ ફરનારૂંછે. બદન અને આતમાને લગતું (ઇનસાંન) હયાતી આપનારની તરફ પોતાને શુધારનારૂ આતમાની મારફતેછે. હયાતીવાલાં (આદમી) ઓ આતમાને લગતાં કાંમ તથા નફાને સારૂ જે ફ્રરહર કરનારાંછે, તે આતમા સાથનાં બદનને લીધેછે. અને તે આદમીઓ પોતે બે પખ્શવાલાંછે, તેમાં એક મીનોને લગતી પખ્શવાલું અને બીજુ ગેતીને લગતી પખ્શવાલુછે. અને તે (ગેતીને લગતી પખ્શવાલાં) નો માલેક રવાંનછે. તેથી આદમી જો અમેશાસ્પંદોની સાથે એક મલતું અને એક પખ્શવાલું હોએચ તો તે (પોતાના) માલેક (યાને રવાંન) ની પખ્શવાલુ રેહછે. પણ જો આએ દુનીઆંને લગતાં બદનવાલું ઇનસાંન, તેના માલેક રવાંનનું સાથી નહી રેહતુ તો તે આએ દુનીઆંમાં ગોસપંદો તથા બીજી આએ દુનીઆંની કાયાવાલી પેદાએશોની બરાબરનું, બલકે માણુસી જીંદગી વગરનુંછે. અહુરમજદની હકુમતતલે રેહવાએ (માણુસની) જીનદગી અમરગી સાથની બુજોરગીવાલીછે. અને તે આએ દુનીઆની ફરહર કરવાજોગ હયાતીવાલી કાયાને લીધેછે. આદમી

આએ દુનીઆંને માટેનું તેની લાએક સકતી (યાને ઘટતાં કાંમોની કઉઅત) ને લીધે ગણાએછે. કાયા સાથની હયાતીવાલું ઇનસાંન પોતે આએ દુનીઆંમાં તેની (યાને અશો અહુરમજદની) પખ્શવાલું એબ આપનાંર (અંગ્રમઇનીઉશ) વ્હા વગર સંબંધેછે. કાયા સાથની હયાતીવાલું આદમી જેમ એબ આપનારની આગલ ગયોમરદ હતો. અને તનપસીનને વખે સઘલાં આદમીઓ થશે. તેમ વગર મોહતનું એહેરેમનના વગર સંબંધેછે. આએ (કિઆમતને) વખતે (ઇનસાંનને) ગોસપંદથી જુદી રીતે અમરગ થવુંછે. કારંણુ કે કાયાવાલુ ગોસપંદ પોતાની અંદર સાવધ સકતી ધરાવનારૂ નથી. તેથી તે કાયાવાલું હોવા છતાં બુન્જેરગ અમરસકતી (યાને યજદી સંબુંધ) વગરનું છે. તે હયાતીવાલી બુન્જેરગ અમરગ સકતીને લીધે આદમી કાયા વગરનું નથી. (એટલે જે અમરગીવાલી બુન્જેરગ સકતીના સંબંધને લીધે માણસ મોત વગરનુંછે.) જે સબબને લીધે આએ દુનીઆમાં સવછ હયાતીવાલી કાયાવાલું આદમી અમરગીની પખ્શવાલુંછે. અને (આએ દુનીઆંમાં) એબ આપનારની સાથે ભેલાવાથી હયાતીવાલું આદમી મોતવાલુંછે. એ પરમાણે જે હયાતીવાલું આદમી આતમાની પખ્શવાલુંછે, તે અસલ વડીઅલથી (યાને ગયોમરદથી) છે. અને વલી હયાતી સાથનાં બદનવાલું આદમી પોતે આએ દુનીઆંમાં તેજવાલા આતમાની પખ્શવાલું હોએચ તો તે સવછ હાલતની અંદર વગર મોતની જીનદગીવાલુંછે. પંણ જો બદન સાથની હયાતીવાલું આદમી એબ આપનારની સાથે સંબંધ રાખનારૂ હોએચ તો તે મોતવાલુંછે. જે આદમીછે, તે જીનદગીવાલું, બોલતું અને મોતવાલી પખ્શવાલું કેહવાએલુંછે. જે આતમાના અસલ સંબંધથી તે (આદમી બણેલું) છે, તે આતમા એબ આપનારને બદનવાલી હયાતી સાથની કાયામાં ભેલાવાથી, મોત સાથની જીનદગીવાલો (યાને મીનોઇ દુનીઆંમાં દુઃખ ભોગવનારો) છે. અને (આદમીનો) આતમા જે બોલતો છે, તે તેની સાથે જોડાએલી અખોશકતીથી છે. અને તેનું દાનાઇ સાથનું બોલવું યજદી સાવધ શકતીના સંબંધને લીધે છે.

વલી આએ આતમાનું ગયોમરદની કાયામાંથી ગુજરકરી જવું (યાને નીકલી જવું), તેની અંદર એબ આપનારની જાત આપાવાથી (યાને એહરેમનને તેમાં દાખેલ થવાથી) છે. વલી ગયોમરદનો આતમા બદનની અંદરથી નીકલી જવાએ તેની જીવવાની અને બોલવાની શકતી મરણુ ·૫

પાંમનારી (બની) છે. બાકી ગયોમરદની હયાતીવાલી કાયા સવછ હાલતમાં હતી ત્યાંવેર તે જીવવાની અને બોલવાની શકતી ધરાવનારો હતો.

૬ જે આતમા અને બદનવાલું આદમી છે, તે (પોતાના) અસલ વડવાની માફક એક પેદાશના કરનાર જે દીન અને ઇનસાફનું મુલ છે, તેનું તાબેદાર અને તેનો ડર રાખનાર તરીકે છે. અને તેજ પરમાંણે તે (યાને આદમી) પેહલલાં આદમીથીજ પોતાના વડીઅલની માફકનું છે. કારણ કે 'મશીય' એ નામનો તરજુમો, (અહુરમજદની) તાબેદારીવાલા વાચા સાથના પુરૂશને લગતો છે. અને 'મશીયાંનિ' નાં નામનો તરજુમો (અહુરમજદની)
૭ તાબેદારીવાલી વાચા સાથની સ્ત્રીને લગતોછે. અને તેઓ (યાને મશીય તથા મશીયાનિ) ગોયા ફાએદાભરેલાં આદમીઓનો સેલસેલો જે ફ્રશકન્તને સારૂ છે તેના અસલ વડીઅલના સબબ તરીકે છે. અને તેથી (યાને તેઓની ઓલાદથી) જેઓ ભલી દીનની મારફતે ફ્રશકન્તના (વખત) ને માટેનો સંબંધ ધરાવનારાછે, તેઓ તે (દીન) થી ખલકનાં લોકોને ફ્રશકન્તને માટેનો ફાએદો કરનારાછે. આએ (ફ્રશકન્તને માટેનાં) આદમીઓ, જેમકે અગત કરીને સીઆમક અને ફ્રવાકની ઓલાદનાં છે. વલી તે સીઆમક અને ફ્રવાકનાં નામનો તરજુમો "આગલના ફાએદાનો સેલસેલો ચલાવનાર" નો છે. તે (સીઆમક અને ફ્રવાક) નો વીચાર ફાએદા ભરેલા છેલ્લા સુધારાને લગતી પુખ્ત ઓલાદ કરવાને લગતો હતો.

૮ વલી તેઓ (યાને સીઆમક અને ફ્રવાક) શરૂઆતથી દુનીઆંની પરવરશીનું કામ કરનારા તથા દુનીઆંને ચલાવનારા અને ખલકના લોકોનો સુધારો ચાલુ રાખનારા વડીઅલ તરીકેના વસીલા છે. દુનીઆંની પરવરશી કરનાર થવું એ જે કોઇ દુનીઆંને ચલાવનારછે તેની મારફતે બની શકેછે. જે દુનીઆંને ચલાવનારો (પાદશાહ) છે, તે દુનીઆંની પરવરશી તથા સુધારો કરવાએ, ફ્રશોકન્તના સંબંધને સારૂ ખલકની પરવરશી અને સુધારો એ બેહુ કાંમો કરનારછે. જેમકે આએ (કામને લગતા) જે પેહલલા વડીઅલ તરીકે હતા તે 'આસરીતે' અને 'હોશંગ' હતા. વલી તે 'આસ્રીતે' નાં નામનો તરજુમો ખેડુત (યાને ઇનસાંનની પરવરશી) ને લગતુ કાંમ કરનારનો થાએછે. અને 'હોશંગ' નાં નાંમનો તરજુમો પાદશાહીનો એરાદો રાખનારનો થાએછે. વલી તે (હોશંગ) પોતે અહુરમજદ પ્રસ્તી (યાને મજદીઅસની દીન) ની મારફતે માણસોને સઘલી રીતે શુધારનારો હતો.

વલી આદમીઓ આએ (મજદીઅસની દીનની) સહમજવાલાં ૯
(પોતાના) પાંચ વડીઅુલોની મારફતે બનેલાંછે. જેમકે (તેઓને) દીનની
દાંનાઇ ઉપર એતેકાદ રાખવો, ગયોમરદથી; ખોદાના તાબેદાર તરીકે ૧૦
રેહવું, મશી અને મશીયાંનિથી; અને ફાએદેમંદ (સોસીએશ) નો સંબંધ ૧૧
મેલવનાર થવું, સીઆંમક અને ફરવાકથી; અને દુનીઆંની પરવરશી ૧૨
કરનાર થવું તથા દુનીઆંને ચલાવનાર થવું, આસીત અને હોશંગ-
થીછે. અને તેઓથી (આદમીઓ) દુનીઆંમાં લોકોને શુધારનારાં, આએ
દુનીઆંને ચલાવનારાં, છેલ્લા શુધારાને માટે માણસની ઓલાદને
પુરતાં બલથી ચાલુ રાખનારાં, દરૂજને હાંકી કાહડનારાં અને શઘલા
લોકોને છેલ્લા શુધારાના વખતને માટેનો ફાએદો કરનારાંછે.

(૪૧૦) આદમીને અગમબુધી મલવા વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, કાયાવાલાં આદમીની અંદર, અખો (યાને ગેબી સહમજ ૨
આપનારી) સકતી પોતે એક પવીતર આંખછે. અને જેયાંસુધી (આદમીની
અંદર) તે ગેબી ચીજને દેખાડનારી સકતી—અકલના સખુન સીખવા સાથે
પાએદાર હોએછે, તેયાંસુધી તે માંણસને અગમચેતીનું મલવુંછે. (યાને
માંણસની અંદર જેયાંસુધી ગેબને લગતી અકલ આપનારી બેહુમનની જાત
અખોની સાથે હોએછે, તેયાંસુધી ભવીશને લગતી યાને ખોદાની તરફની ગેબી
સહમજ તેને મલેછે.) અને તે (આદમી) હયાતી ધરાવનારાં (ઇનસાંનો)
ને (તેઓનાં) સુખને માટેનો વીચાર હમેશાં સીખવનારૂંછે. અને તે
અકલના આવજની (યાને બેહુમનની તરફનાં સંભલાંણની) કેલવણી
આપનાર (માંણસ), મજદીઅસની દીનની શઘલી જડાવદાર અગમચેતી
સાથે તે (બેહુમનની) અગમચેતીથી વધારે ફાવનાર (યાને ફતેહ મેલવનાર) છે.
(આવતી દુનીઆંનાં) શુખને માટેનો વીચાર અખોની અંદર (માણસને)
હમેશાં ગુનાહથી પાક રાખવાના વીચાર તરીકેછે. (આવતી દુનીઆંનું)
સુખ આપનારો વીચાર સવાબને સારૂ તથા (માણસને) લોભ–અદેખાઇ–
ઉલટો વીચાર–ચકુનમ–વેર અને બીજાં પાપની તરફ ચલાવનારા વસીલા-

ઓનાં પાપથી દુર રાખવા સારૂ અને તેનેં દરૂજથી પાક કરવા સારૂછે. અને તેથી તેની અંદર સવાબના વસીલા બેહમન અને બીજા યજદો સંપુરણ રીતે રેહીને (તેને) સવાબને માટેની હીલચાલ કરાવનારાછે.

૩ જ્યાંસુધી તે (આદમી) તેઓના (યાને યજદ અમેશાસ્પંદોના) વીચાર સાથતું રેહછે ત્યાંસુધી.

---

૧ (૪૧) માણસને (આએ દુનીઆંમાં) લાએક બનવા સારૂ સારી ફતેહ મલવાનો મોબારેક સંબંધ, તેને લગતી સરવેથી ચહડતે દરજજેની સાત પદવીની મારફતે છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, માણસને (આએ દુનીઆંમાં) લાએક બનવા સારૂ સારી ફતેહ મલવાનો મોબારેક સંબંધ, દીનની અંદર તેને સારૂ જણાવેલા

૩ સરવેથી ચહડતી પદવીવાલા સાત તરીકાથીછે. એમાંની પેહલ્લી (પદવી) રવાનની અશોઇને લગતીછે, અને તે ભલી દીનને લગતા ઓત્તમ તરીકાથી ખોદાએતાલાની મરજી મુજબનાં કાંમ કરવાએછે; જે (કાંમ)

૪ આદમીને લાએક બનવા વીસેનાં બખતાવર મુલથી છે. આદમીને લાએક બનવા સારૂ બીજી (પદવી) તનદરૂસ્તી સાથની હીલચાલ કરવાને

૫ લગતીછે, કે જેને લીધે તે લાએક જીનદગીવાલુ બની સકે. તરીજી (પદવી) આદમીને આતમાને લગતી લાંમબી જીનદગીનીછે, કે જેને

૬ લીધે તે સલાંમત હીલચાલથી પાએદાર રેહી સકે. ચોથી (પદવી) હીમત-વાંન દોલતને લગતીછે, કે જેથી (માણસ) બેહુ દુનીઆંને માટેનાં કાંમ

૭ કરી સકે અને તેને લગતી લેજ્જત ચાખી સકે. પાંચમી (પદવી) સાંહમણે થનારાઓને ટાલવાની અને (તેઓ-ઉપર) ફતેહ મેલવવાનીછે, કે જેથી તે

૮ પોતાની જાતને તથા દોલતને જાલવી સકે. છઠી (પદવી) શતરૂઓને વાસ્તેનો ઉપાએ આગમચથી જાંણવા વીસેનીછે, કે જેથી શતરૂઓની

૯ ઉપર તે ફતેહ મેલવી શકે. આદમીની અંદર સાતમી (પદવી) ઉપલી છ પદવીઓને માટે આદમીઓને સરવેથી સરસ થવા વીસેનીછે. કે જેથી તે (આદમી) બીજા શખસોનાં કરતાં બુજોરગી અને બખતાવરીમાં વધારે ચહડતે દરજેતું ગણાએ.

(૨૧૨) સાંરા ખવાસનાં (આદમી) ની અંદર તેને ઊનચે દરજજે ચલાવનારી ભલી સકતી છે. અને બુરા ખવાસનાં (આદમી) ની અંદર તેને નીચ હાલતે ચલાવનારી બુરી સકતી છે. તથા (આદમીની) અંદરથી ચહડતે દરજજેની સકતી પાછી પુરશાએ તે બુરૂ અને વધારે બુરા ખવાસવાલું જણાએલું છે. અને (આદમીની) અંદરથી નીચ સકતી નીકલી જવાએ તે વધારે ભલું અને સારા ખવાસવાલું જણાએલુંછે; તેના કારણ વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, સારા ખવાસવાલાં આદમીઓ સારા ગુણને લીધેછે. અને બુરા ખવાસવાળાં આદમીઓ બુરી એબને લીધેછે. (માંણસની અંદર) સારો ગુણ યજદી પ્રતાપના સંબંધથી છે. અને એબ બુરા સાયાના (યાને દેવના પ્રતાપના) સંબંધથી છે. (માંણસની અંદર) યજદી પ્રતાપ સ્પેનામીનોથી છે અને તેથી તેનો એરાદો સારા ખવાસને માંટેનો છે. અને બુરો સાયો (યાને દેવનો પ્રતાપ) ધનાહમીનોથી છે અને તેથી તેનો એરાદો બુરા ખવાસોને માંટેનો છે. સારા ખવાસવાલાં આદમીની અંદર તે વધારે પ્રતાપી (સ્પેનામીનો) વધારે સારા ગુણોનો જડો કરનાર છે, તેથી તે (આદમી) સારાં મુલવાલી પેદાએશ તરીકે છે. અને સારાં મુલવાલાં આદમીની અંદર તે સરવેથી સરસ પ્રતાપી (સ્પેનામીનો) ના ઓત્તમ ગુણો, જાતી અકલ—(ખોદાની) તાબેદારીનો વીચાર-સખાવત-સચાઇ અને બીજા સારા ગુણો હોએછે. તેને લીધે તે જે બાએશવાલું અને કરજને લગતી (ઇઆમે પાપની) ઇચ્છા વગરનું છે. (એટલે જે આએ દુનીઆંમાં તેણે કરેલાં પાપનાં કાંમનું કૈરજ અદા કરવાની તેને આવતી દુનીઆંમાં ફીકર નથી.) ૨ ૩

બુરા ખવાસવાળાં (આદમી) ની અંદર બુરો સાયો (યાને દેવનો પ્રતાપ) હોવાએ. બુરા ખવાસોનું ઉતરવુંછે. જે (આદમી) બુરા સાયા (યાને દેવના પ્રતાપ) વાલું છે, તે (દુનીઆંમાં) એબ અને બુરી આદતને દીપાવનારૂ અને બુરાં મુલવાલી પેદાએશ તરીકેનું છે. અને બુરાં મુલ-વાલાં આદમીની અંદર જે મોટાઇ વગરનો (એહરેમન) છે, તેનું રેહઠાંણુ ૪

હોવાને લીધે તેને ઉલટો વીચાર, લોભ, ધીકાર, ગોસ્સો, બખીલી, પાપ, મોત, અંધાપો અને બીજી બુરી દીનને લગતા ધીકાર ભરેલા ગુનાહને માંટેના દુરગુણો હોએછે. અને તે એબના વધારાને લીધે તે માણસને બીગડવુંછે.

૫ (આદમીની) પેદાએશની અંદર સ્પેનામીનોના પ્રતાપનો સંબંધ હોવાએ તે આબાદીવાલું અને સારા ગુણોનું મુલ છે. અને અંગ્રમઇનીઉશના બુરા સાયા (યાને પ્રતાપ) ની અસરને લીધે તે કેદને લગતું (યાને દોજખનું બંદીખાંનું ભોગવનારૂ) અને દુર ગુણોનું મુલ છે. આદમીની અંદર ઘણી આબાદ હાલત, ચહડતે દરજજેના સારા ગુણોના સંબંધને લીધેછે. અને તેને દુરગુણોથી નાપાક અને નાસવન્તું થવું, એબોની તરફ શોક રાખવાને લીધેછે.

૬ સારા ગુણોથી આદમી ખરાબ થતું નથી, પણ ઘણી સારી હાલતવાલું રેહછે. અને તેની અંદર તેને ચહડતે દરજજે ચલાવનારી સ્પેનામીનોની પોતાની અકલ, નમનતાઇ સાથનો વીચાર, સખાવત, સચ્ચાઇ અને સઘલા સારા ગુણોછે; તેથી તે (આએ દુનીઆંમાં) ચહડતા દરજજાથી, ખીલતી હાલતથી અને નુરમંદ ચેહરાથી પરકાશેછે. અને જે આદમી અંગ્રમઇનીઉશની એબ આપનારી સકતીનો સંબંધ રાખનારૂ હોએચ, તે પોતાની અંદરની એબનો ઉપાએ નહી કરવાથી (આએ દુનીઆંમાં) નીચી અવસ્થામાં રેહછે. અને નીચ તથા પરતી હાલતને લીધે તે (માંણસ) કોઇની જાંણમાં આવતું નથી. અને તે (આદમી) ની અંદર તેને ચલાવવાની નીચ સકતી હોવાએ તેના ચહડતે દરજેના સારા ગુણ અસ પાંમેછે. અને તેથી વગર ઉપાએવાલી એબો તેની અંદર મોટાઇ ભોગવેછે. અને તેને દુરબલ કરવા સારૂ તેની અંદર નીચાઇ, ફજલાત, અને એબ આપનારના સંબંધવાલી એબનો ચહડતો દરજ્જો, તથા વગર ઉપાએવાલા દુરગુણોના પ્રકાશ પોહચેછે.

૭ બુરા ખવાસવાલાં તથા બુરાં મુલવાલાં આદમીની અંદર ગુનાહનો વધારો કરનારો ઉલટો વીચાર, લોભ, કરોધ, અભીમાંન, બખીલી, જુઠાઇ, (દીનની તરફ નહી જોવાનો) અન્ધાપો, (દીનની બાબત નહી સાંભળવાનું) બેહરપંણુ અને બીજા દુરગુણવાલી સકતીઓ પોતે તેની અંદર મોહટાઇ ભોગવેછે. અને તેથી તે (માંણસ) પોતાનાં ખાંનદાંનની મીજલસથી દુર થાએછે. (એટલેજે તેના બુરા ખવાસને લીધે તેનાં ખાંનદાંનના ભલા લોક તેની સાથે સંબંધ રાખતા નથી.) અને તેની અંદરના

તે દુરગુણોમી નીચાઇ તેને હીન કરેછે. અને તેની અંદરના દુરગુણોની બુરી ખ્વાહેશ તેહને (લોકોની) જાંણુ વગરનું રાખેછે. તેની અંદર તેને નીચાઇથી ચલાવનારા જાલમ દુરગુણો તેના આતમાને નીચ હાલતને લીધે રોશની વગરનો રાખેછે. અને તેને નીચ દુરગુણોથી પરકાશ આપેછે. અને તેથી તે (આદમી) તેની અંદરના દુરગુણોની નીચાઇથી ચલકાટ વગરનુંછે. માંણસને સારાં ગુણ બુજોરગીએ પોહચાડનારાછે. અને તેથી તે સારા ઉપાએ કરનારૂંછે. અને જે સારા ગુણછે, તે તેની જાતને પ્રખીઆત કરનારછે. અને તે સબબને લીધે તે આદમીને અશો લોકોનું બેહશતનું મકાંન, ચહડતો દરજો, જોઇતી હકુમત, શુખ અને આરાંમ મલેછે. અને (ત્યાં) તેને નવી ખોરેહ, ભલો ચલકાટ, દબદબો, એજમતી કઉઆત અને કીંમતી બદલાનું બખશવુંછે.

મજદીઅસની દીનની નસીહતછે કે, આએ દુનીઆંમાં યજદાંની ૮
સ્તુતી અને આરાધના ચાલુ રાખનારા ભલા લોકોની ઉપર, યજદોની તરફથી તેઓને બેહુ દુનીઆંને માંટેનો ફાએદો, ફરાગત અને સુખ મલવાની અને બુરાઓને સંકટ અને સખતી (પોહચવા) ની દુઆ કરવીછે.
યજદોથી પરહેજગારને પાપની (યાને પાપી કાંમ નહી કરવાની) શાહમજ ૯
આપવીછે. દોજખથી છુટકારો મેલવનારા પરહેજગારોમાંનો પેહલો પરહેજગાર ચલકાટ ભરેલા નુરમંદ જાતવાલા માલેકોને (યાને યજદ અમેશાસપંદોને) પોતાને સારૂ પસંદ કરવાએં અને તેઓને દોસ્ત તરીકે કબુલ રાખવાએ, સુખ-નેકનાંમી અને રવાનને માટેની નેકી મેલવનારોછે.

બીજો—(પરહેજગાર) લોકોને શુખ આપવાએ, મોભાવાલાઓનો ૧૦
મુલાહેજો રાખવાએ, અને ઓરત લોકોની માલેક તરીકે બરદાસત કરવાએ અને દોસ્તોને યજદોના સંબંધથી સારૂં કાંમ કરનાર બનાવવાએછે.

તરીજો—(પરહેજગાર) દુનીઆંનો પાદશાહછે, કે જે પોતાની ખલ- ૧૧
કને લગતી હકુમતની મારફતે પરહેજગારોને ચહડતો દરજ્જો આપનાર, મજદીઅસની દીનને બુજોરગ ગણનાર, બુરીદીનને નીચી પાડનાર, સારી હાકમીની સવાગત કરનાર, સારા હાકમોને હકુમત આપનાર, દુનીઆંમાં ઇનસાફ પાંથરનાર, આદમીઓને આબાદાંની—સારા બંદોબસ્ત અને સારા દેખાવથી ઘણી ફરાગત અને શુખનો વધારો કરનાર હોએ.

